સુવિચાર
રંગ ફેંકનાર કરતાં
રંગ બદલનારથી
કાયમ સચેત રહેવું !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૪/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
ચોકો આલ્મંડ
શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૧૧૬

## સેવાકીય કાર્ય કરતા અનુકંપા ફાઉન્ડેશન દ્વારા દર મહિને યાત્રા પ્રવાસ કાર્યક્રમ મુજબ

# અમરેલીમાંથી આવતીકાલે ૫૦ સીનિયર સિટીઝનોનો યાત્રા પ્રવાસ શરૂ

### સોમનાથ, દ્વારા, વીરપુર સહિતનાં યાત્રાધામોનો વિનામૂલ્યે પ્રવાસ કરાવાશે

### પ્રથમ પ્રવાસને સફળ બનાવવા માટે દિગ્ગજ આગેવાનો પણ ઉપસ્થિત રહેશે

### ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણી અને સાંસદ રૂપાલા લીલીઝંડી આપી પ્રવાશ શરૂ કરાવશે

### પૂર્વ સાંસદ કાછડીયા, પી.પી. સોજીત્રા સહિતનાં આગેવાનો ડો. કાનાબાર અને તેની ટીમનો ઉત્સાહ વધારશે

અમરેલી, તા.૨૬

કોરોના સમયે અને ત્યારબાદ વિવિધ સામાજીક સેવાકાર્યો કરતાંઅમરેલીનાઅનુકંપાફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ ડો. ભરત કાનાબાર, પી.પી. સોજીત્રા, કમલેશભાઈ ગરાણીયા, ચેતનભાઈ રાવળ તથા મધુભાઈ આજગીયા દ્વારા અમરેલી જીલ્લાના ૧૦૦૦ સીનીયર સીટીઝનોને સોમનાથ–દ્વારકાની નિઃ શુલ્ક યાત્રા કરાવવાનો સંકલ્પ કરવામાં આવેલ છે.








આ સંકલ્પ પૂર્તિ માટે દર મહિને ૫૦ વડીલોને તીર્થયાત્રા કરાવવામાં આવનાર છે. આ અભિયાનના પ્રથમ ચરણતરીકેતા.૨૮એપ્રિલનાસોમવારે સવારે ૮ વાગે અમરેલી રેડક્રોસ ભવનથી યાત્રાને પ્રસ્થાન કરાવાશે. ઈફકોનાચેરમેનદિલીપભાઈસંઘાણી તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયાત્રાને લીલીઝંડીઆપીપ્રસ્થાન

અનુસંધાન પાના ૬ ઉપર

---

## બ્રહ્મસમાજની બેઠકમાં

# લીલીયા મોટામાં શ્રી પરશુરામ જયંતીની ઉજવણી ન કરવાનો થયો નિર્ણય

### પહલગામની ઘટનાને લઈને મૃતકોને શ્રધ્ધાજંલિ પાઠવવામાં આવશે

લીલીયા મોટા, તા. ૨૬

લીલીયા મોટા બ્રહ્મ પરીવાર દ્વારા આગામી દિવસોમાં આવનાર ભગવાન પરશુરામ જમોત્સવની ઉજવણી ન કરીને માત્ર પહેલગામમાં શહીદ થયેલ પર્યટકોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેની જાહેરાત લીલીયા મોટા બ્રહ્મ સમાજ પ્રમુખ કિશોરભાઈ પાઠક તેમજ યુવા બ્રહ્મસમાજ પ્રમુખ જયેશ મહેતા દ્વારા કરવામાં આવેલ છે આગામી કાર્યક્રમ આ મુજબ રહેશે જેમની બંને પાંખના પ્રમુખો દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે કે તારીખ ૨૯/૪/૨૫ના રોજ ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા તથા સમુહ ભોજન પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ ખુબ જ દુઃખ સાથે લીલીયા મોટા બ્રહ્મ સમાજ દ્વારા જણાવવામાં આવેલ છે કે, તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલ ભયાનક આતંકી હુમલામાં ૨૮ જેટલા લોકો શહીદ થયા છે જે આતંકી હુમલાનુ કૃત્ય સમગ્ર માનવ સમાજ માટે ઘાતક અને અમાનવીય છે. કાર્યકર્તા પુર્ણ હુમલાના પ્રત્યાઘાતમાં અને શહીદ થયેલા લોકોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવાના ભાવથી ''લીલીયા મોટા બ્રહ્મ પરીવાર'' દ્વારા જાહેરાત કરવામાં આવેલ કે આવતી તારીખ ૨૯/૪/૨૫ના રોજ ''ભગવાન શ્રી પરશુરામ''ના જન્મોત્સવ નિમિતે રાખેલ શોભાયાત્રા તથા સમુહ ભોજનનો કાર્યક્રમ રદ કરવામાં આવેલ છે. તે બદલ નીચે મુજબના કાર્યક્રમો સંપુર્ણ સાદગીથી રાખવામાં આવેલ છે. જેમાં (૧) તા. ૨૯/૪/૨૫ના રોજ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
86,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ભાડે આપવાનું છે.
માણેકપરા મેઈન રોડ, લાઈફ લાઈન કોર્નરની સામે, રૈયાણી ડેન્ટલ હોસ્પિટલની ઉપર
બીજો માળ અને ત્રીજો માળ ભાડેથી આપવાનો છે.
બેંક – ફાયનાન્સલ તથા ડોકટરને અનુકૂળ જગ્યા
લીફ્ટ, જનરેટર, પાર્કિંગની સુવિધા સાથે નવું બાંધકામ
સંપર્ક કરો : Mo. 9913872723

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

---

## સાવરકુંડલાનાં ખોબા જેવડા લુવારા ગામે બનેલ ઘટનાથી ચકચાર મચી

# આર્થિક સંકડામણને લઈને પિતા તેમના દોઢ વર્ષના પુત્રને લઈને કુવામાં પડી જતા બાળકનું મોત

### પુત્રનુ મોત થતાં માતાએ તેમના પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી




અમરેલી, તા. ૨૬

કાળઝાળ મોંઘવારીના સમયમાં લોકોને પોતાના ગુજરાન ચલાવવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય. ત્યારે અચાનક અન્ય પ્રસંગોના ખર્ચ આવી જાય ત્યારે પૈસાની વ્યવસ્થા નહીં થતાં આપઘાત કરવા સુધીનું પગલું ભરતા અચકાતા ના હોય. ત્યારે આજે સાવરકુંડલામા તાલુકાના લુવારા ગામે રહેતા એક પિતાએ આપઘાત કરવા માટે થઈ પોતાના દોઢ વર્ષના પુત્ર સાથે કુવામાં ઝંપલાવી દેતા પિતાનો બચાવ થયો હતો પરંતુ દોઢ વર્ષના બાળકનું પાણીમાં ડુબી જતાં મોત નિપજયું હતું. આ બનવાથી સાવરકુંડલા પંથકમાં ભારે અરેરાટી ફેલાય જવા પામેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મુળ છોટા ઉદેપુર પંથકના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે રહેતા વિનીતાબેન ચંદુભાઈ નાયકા નામની ૨૮ વર્ષિય પરિણીતાના પતિ ચંદુભાઈ શંકરભાઈ નાયકા જેઓએ પોતાના નાના ભાઈના લગ્ન સબબ રૂપિયા ૪૫,૦૦૦ ભેગા કરી વતનમાં આપવાના હોય જે પૈસાની વ્યવસ્થા નહીં થતા આરોપીના મોટાભાઈ રાજુભાઈએ તેમના વતનમાં આરોપીને ગમે તેમ કરીને પૈસા ભેગા કરવાનું કહેતા આજે આરોપી ચંદુભાઈને મનોમન લાગી આવતા વતનમાંથી પરત લુવારા ગામે આવી જઈ આજે સવારના દસેક વાગ્યાના

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન
શ્રી કિરીટભાઈ પરવાડીયા – પ્રમુખ : શહેર ભાજપ
શ્રી જગદીશભાઈ વાવડીયા – મહામંત્રી : શહેર ભાજપ
શ્રી રમેશભાઈ સાંગડીયા – મહામંત્રી : બાબરા શહેર ભાજપ
શ્રી હિતેષભાઈ કલકાણી – પ્રમુખ : તાલુકા ભાજપ
શ્રી રાજુભાઈ વિરોજા – મહામંત્રી : તાલુકા ભાજપ
શ્રી સુરેશભાઈ વાઘેલા – મહામંત્રી : તાલુકા ભાજપ
બાબરા શહેર ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ પરવાડીયા તથા મહામંત્રી શ્રી જગદીશભાઈ વાવડીયા તથા મહામંત્રી શ્રી રમેશભાઈ સાંગડીયા તેમજ બાબરા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી હિતેષભાઈ કલકાણી તથા મહામંત્રી શ્રી રાજુભાઈ વિરોજા તથા મહામંત્રી શ્રી સુરેશભાઈ વાઘેલા આપ સર્વોની ભારતીય જનતા પાર્ટી દ્વારા બાબરા શહેર તેમજ તાલુકા ભાજપના તમામ હોદેદારોશ્રીઓની નિમણુંક કરતા અમો હર્ષ સહ હૃદયની લાગણી અનુભવતા આપને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ...
:: શુભેચ્છક ::
શ્રી જનકભાઈ તળાવિયા – ધારાસભ્યશ્રી : બાબરા-લાઠી
શ્રી પ્રવિણભાઈ કરકર – પ્રમુખશ્રી
શ્રી અશ્વિનભાઈ મકવાણા – ચેરમેન : કારોબારી સમિતિ
શ્રી અંકુરભાઈ જસાણી – ઉપપ્રમુખશ્રી
તથા તમામ સદસ્યશ્રીઓ .... નગર પાલિકા કચેરી – મુ. બાબરા, જિ.અમરેલી

# સાવરકુંડલા ખાતે સંગઠન સુજન અભિયાન અંતર્ગત કોંગ્રેસની બેઠક યોજાઈ



સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તાર સાવરકુંડલા ખાતે સંગઠન સૂજન અભિયાન અંતર્ગત આજરોજ AICC તથા PCCનાં નિરીક્ષકઓ દ્વારા બેઠક બોલાવવામાં આવેલ હતી. મિટિંગ ચાલુ કરતા પહેલા જમ્મુ કશ્મીરમાં થયેલ હુમલામાં જીવ ગુમાવનાર લોકોને આત્માને શાંતિ માટે બે મિનિટ શ્રધ્ધાંજલિ આપી હતી. બાદમાં મિટિંગ ચાલુ કરી હતી. જેમાં AICC નિરક્ષક જગદીશ જાગીડજી, ગુજરાત કોંગ્રેસના કાર્યકરો પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, ગાયત્રીબા વાઘેલા, કલ્પનાબેન મકવાણા તથા અમરેલી જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત તેમજ સાવરકુંડલા, લીલીયા વિધાનસભા મતવિસ્તારનાં તમામ ફ્ન્ટનાં આગેવાનો કાર્યકર્તાઓની હાજરીમાં ચંદ્રેશભાઈ રવાણી, વલ્લભભાઈ ઝીંઝુવાડિયા, હસુભાઈ સૂચક, કનુભાઈ ડોડીયા, નરેશભાઈ દેવાણી, અશોકભાઈ ખુમાણ, ગોરધનભાઈ રાદડિયા, જગાભાઈ દેથલીયા, નસીરભાઈ ચૌહાણ, ઈકબલભાઈ ગોરી, વિપુલભાઈ ઉનાળા, જશુભાઈ ખુમાણ, મહેશભાઈ જયાણી તેમજ તમામ આગેવાન તેમજ કાર્યકતાઓ હાજર રહ્યા હતા અને કોંગ્રેસ પાર્ટીને આગામી દિવસોમાં મજબુત કેવી રીતે કરી શકાય તે માટે રાહુલજીએ જે દિશાસુચન કરવામાં આવેલ તે મુજબ AICC તથા PCCનાં નિરીક્ષકઓ દ્વારા સાવરકુંડલા લીલીયા વિધાનસભા મતવિસ્તાર સાવરકુંડલા ખાતે મળેલ સંગઠન સૂજન અભિયાનમાં સાવરકુંડલા અને લીલીયા તાલુકાનાં કોંગ્રેસ પક્ષ નાં તમામ ફ્ન્ટ નાં આગેવાનો હાજર રહ્યા હતા. અને કોંગ્રેસ પાર્ટીનાં સંગઠનને મજબુત કરવા પોતે પોતાના સૂચનો વ્યકત કરવામાં આવેલ હતા. આમ આજ રોજ સાવરકુંડલા લીલીયા વિધાનસભામતવિસ્તાર સાવરકુંડલા ખાતેસંગઠનસૂજનઅભિયાનઅંતર્ગત બેઠકયોજવામાંઆવેલહતી.

### પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીનું નિવેદન

## મુન્દ્રા પોર્ટ પર પકડાયેલ ૨૧ હજાર કરોડના ડ્રગ્સ કન્ટેનરનો રીપોર્ટ ચોંકાવનારો

અમરેલી, તા. ૨૬

ગુજરાતમાં અદાણી સમૂહ સંચાલિત ખાનગી બંદર મુન્દ્રા પોર્ટ પર પકડાયેલ ૩૦૦૦ કિ.ગ્રા., ૨૧,૦૦૦ કરોડના ડ્રગ્સ કન્ટેનર અને પહલગામ આતંકી હુમલા વચ્ચે સબંધને લઈને રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) દ્વારા સર્વોચ્ચ અદાલતમાં રજૂ થયેલા રિપોર્ટ દેશ માટે ચોંકાવનારા છે અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે ઘણા જ ગંભીર છે ત્યારે ભાજપ સરકારનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશને હચમચાવી નાંખનાર પહલગામ હુમલામાં ૨૮ લોકોના મોત થયા. સમગ્ર દેશમાં ભારે આક્રોશ છે. સરકાર કબૂલે છે કે સુરક્ષામાં ચૂક રહી. છેલ્લા ઘણા સમયથી ભારતીય લશ્કરમાં ૧,૮૦,૦૦૦ સૈનિકોની જગ્યા ખાલી છે. સરકારની ફરજ છે કે સેનાનું સંખ્યાબળ, આયુધબળ અને મનોબળ મજબૂત બનાવવામાં આવે. છેલ્લા કેટલાય સમયથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે અનેક ગણું ડ્રગ્સ રાજયમાં અને દેશમાં ફેલાઈ રહ્યું છે, ગુજરાત જે ડ્રગનો ગેટ વે બન્યો ત્યાં ભાજપનું ૩૦ વર્ષથી શાસન છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) એ સુપ્રિમકોર્ટમાં જે જવાબ રજૂ કર્યો તેમાં અદાણી સમૂહ સંચાલિત મુન્દ્રા બંદરેથી ૩૦૦૦ કિલો ડ્રગ્સ જેની ૨૧૦૦૦ કરોડ કિંમત થાય છે, ટેલકમપાવડર જેવું મટીરીયલ હકીકતમાં ડ્રગ્સ હતું, આ કરોડો રૂપિયાના ડ્રગ્સ ને પહલગામ સાથે સબંધ છે તે ચોંકાવનારી અને ગંભીર બાબત છે. આ ડ્રગના નાણાંથી લશ્કર એ તોઈબા આપણા દેશના લોકો ઉપર જ હુમલા કરે છે. આતંકવાદ સામેની લડતમાં કેન્દ્રને કોંગ્રેસે સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે. પણ ડ્રગ્સ મામલે અમારા સવાલ છે, સરકાર કેમ ખાનગી પોર્ટ ઉપર રહેમરાહની નજરે જોવે છે ? નિર્દોષ નાગરિકોના મોત માટે, આતંકના આકાઓને પનાહ દેનાર પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના માલ–સામાનની આયાત નિકાસ કેમ અટકાવવામાં આવતી નથી ? અમે ભૂતકાળમાં પણ કહેતા હતા કે રોજબરોજ દરિયાકિનારે અથવા બંધ થયેલ ફાર્મા એજન્સીઓમાં ડ્રગ બને છે જે દેશના લાખો યુવાનોને બરબાદ કરી રહ્યાં છે. ગેરકાનૂની રીતે નાણાં એકઠા કરી આતંકના આકાઓ હુમલા કરે છે. સરકાર ગંભીરતાથી તપાસ કરે કે આ ડ્રગ્સ કેટલા કન્ટેનરમાં આવ્યું હતું ? અને તે મોકલનાર અને દેશ સાથે ગદ્દારી કરનારા, મંગાવનારા કોણ છે ? સરકાર આંખ બંધ રાખવાની નીતિ બંધ કરે.

અમદાવાદ અને સુરતમાં બાંગ્લાદેશી નાગરિકોને ડિપોર્ટ કરવા મામલે સફાળી જાગેલી સરકાર અને પોલીસ તંત્રની ચહેરો ચમકાવવાની કવાયત અંગે જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કોઈ પણ દેશ ગેરકાનૂની રીતે રહેતા લોકોને બહાર કાઢી શકે છે. અમદાવાદ અને સુરત સહિત ભાજપનું ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી કોર્પોરેશનમાં શાસન છે. ગેરકાયદે બાંધકામ બન્યા હોય તે માટે ભાજપ શાસિત કોર્પોરેશન જ જવાબદાર છે. ૩૦ વર્ષથી રાજયમાં અને ૧૧ વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર છે. અમદાવાદ અને સુરતમાં જયાં બાંગ્લાદેશીઓ આટલા વર્ષથી વસતા હતા તેમને કોના આશીર્વાદ છે ? ખોટા પુરાવા અને દસ્તાવેજ બની ગયા તે ગંભીર બાબત છે, સરકાર બે દિવસથી જે માહોલ બનાવે છે તે પોલીસ અને સરકારની જ નિષ્ફળતા છે.

કોર્પોરેશન અને સ્થાનિક તંત્ર પણ ભાજપનું છે, કેન્દ્રીય ગૃહ મંત્રી પણ ગુજરાતના છે. ગૃહ રાજય મંત્રી જે વિસ્તારમાંથી આવે છે એ સુરતમાંથી પણ ઘુસણખોરો ઝડપાયા છે. કોંગ્રેસ પૂછવા માગી રહ્યું છે કે ક્યાં મંત્રી અને સંત્રીની મીલીભગત છે ? અચાનક સરકાર જાગી છે. સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ કે કોર્પોરેશન, રાજય અને કેન્દ્રમાં ભાજપનું શાસન છે તો આવા ઘૂસણખોરો ઘણા વર્ષોથી ગુજરાતમાં કેવી રીતે વસવાટ કરી રહ્યાં છે ? ખોટાં દસ્તાવેજો તૈયાર કરનારા ભ્રષ્ટ તંત્ર માટે કોણ જવાબદાર ? વર્ષોથી સ્થાનિક પોલીસ તંત્રએ કેમઆંખ આડા કાન કર્યા ?

## ઉંટવડનાં આધેડનું બીમારી સબબ મોત થયુ

અમરેલી, તા. ૨૬

બાબરા તાલુકાનાં ઉંટવડ ગામે રહેતા નારણભાઈ અમરાભાઈ દાફડાનામના૫૮વર્ષિયઆધેડનેઅગાઉ દાઢીનાંભાગે પ્રાઈ વાગેલ હોય અને ત્યાં સડોથયેલહોયઅનેતેનીબીમારીનાકારણે તેમનું તા. ૨૫/૪/૨૫નાં ૧:૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ પાસે મોત થયાનું પોલીસમાંજાહેર થવા પામેલ છે.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### સામાજીક કાર્યકર્તા કાંતીલાલ પરમારની અરજી બાદ

## અમરેલીનાં પાયલ કાંડમાં માનવ અધિકારે ૪ અઠવાડીયામાં રીપોર્ટ માંગ્યો

### પોલીસ અધિક્ષક સમક્ષ અહેવાલ માંગ્યો

અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર (ખંભાળિયા) ગામમાં રહી અમરેલીમાં મનીષ વઘાશિયાની ઓફિસમાં ટાઈપિંગ કામ કરતી ૨૦ વર્ષની પાયલ ગોટી નામની યુવતીને અમરેલી પોલીસ દ્વારા સ્થાનિક ધારાસભ્યનેબદનામ કરવાના કહેવાતા લેટર કાંડની ઘટનામાં સાક્ષી બનાવવાના બદલે કેસમાં આરોપી બનાવવામા આવેલ હતી.

વિઠ્ઠલપૂર ગામેથી પાયલ ગોટી નામની યુવતિના ઘેરે મહિલા પોલીસે રાત્રે ૧૨:૧૫ વાગે પહોંચી અમરેલી જવાબ લેવાનો છે પછી મૂકી જઈશું એમ કહી ગેરકાયદેસર અટક કરવામાં આવી હતી.

પાયલ ગોટીને એલ. સી. બી. ઓફિસમાં રાખવામાં આવેલ અને બીજા દિવસે ચાર વાગે એફ.આઈ.આર. કરી ધરપકડ કરવામાં આવી. જેથી ૧૬ કલાક સુધી ગેરકાયદેસર પોલીસ કસ્ટડીમા ગોંધી રાખવામાં આવી હતી.

અમરેલી પોલીસ દ્વારારી–કન્સ્ટ્રક્સના નામે અન્ય આરોપીઓ સાથે યુવતીની પણ જાહેર રસ્તા પર ઓળખ જાહેર થાય તે રીતે પત્રકારો અને અન્ય લોકોની હાજરીમાં ગૌરવ ભંગ થાય તે રીતે પરેડ કરવામાં આવી હતી.

અમરેલી પોલીસ દ્વારા પત્ર સાચો છે કે ખોટો તેની એફ.એસ.એલ. દ્વારા તપાસ કર્યા વગર સીધી જ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી અને આરોપીઓની નોટિસ આપ્યા વગર ધરપકડ કરી હતી.

અમરેલી એસ. પી. કચેરીમાં ખાતે જાહેરમા પત્રકાર પરિષદમાં પાયલ ગોટીને માનવ ગૌરવ ભંગ થાય અને ઓળખ છતી થાય તે રીતે પાછળ ઉભી રાખી ઓળખ છતી કરવામાં આવી હતી.

આરોપીઓનું કહેવું છે કે તેને માર પણ મારવામાં આવ્યો હતો. આમ આ કિસ્સામાં યુવતીના માનવ અધિકારોનો ભંગ થયેલ છે. જે બાબતે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દિલ્હી દ્વારા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારની માનવ અધિકાર ભંગની આયોગમાં ફાઈલ કરવામાં આવેલ પિટિશનના આધારે અમરેલી જિલ્લાના એસપીને નોટિસ ફટકારી ચાર અઠવાડિયામા આ મુદ્દે એક્શન ટેકન રિપોર્ટ ( કરેલ કાર્યવાહીનો અહેવાલ) માંગેલ છે.

## બાગાયત પાકોની ખેતી કરતા ખેડૂતોને ૪૭ ઘટકોમાં મળશે સહાય

અમરેલી, તા. ૨૬

અમરેલીજિલ્લામાંબાગાયતપાકોની ખેતીકરતાખેડુતોનેવિવિધ૪૭જેટલાઘટકોમાંસહાય મેળવવા માટે આઈ–ખેડુત પોર્ટલ પર તા.૩૧/૫/૨૦૨૫સુધીમાંઓનલાઈનઅરજીકરવી.

વર્ષ ૨૦૨૫–૨૬ માટે અમરલી જિલ્લામાંબાગાયતખાતાધ્વારાચાલતીકાચામંડપ, અર્ધ કાચા મંડપ, શાકભાજીના પાકોમાં પ્રાકૃતિક કૃષિનેપ્રોત્સાહન, સરગવાનીખેતીમાંસહાય, ટુલ્સ ઈકયુપમેન્ટ વજન કાંટા તાલપત્રીમાં સહાય, પપૈયા, કેળટીસ્યુપ્રોસેસિંગસાધનો, ઘનિષ્ઠખેતીથી વાવેલા ફળપાકો, નાળિયેર વાવેતર વિસ્તાર, ટિસ્યુકલ્પર ખારેક, ફળપાક પ્લાન્ટિંગ મટીરીયલ્સમાં સહાય, ટાંકા બનાવવા, સ્વરોજગારલક્ષીબાગાયતીનર્સરીવિકાસકાર્યક્રમ, ગોલ્ડ ચેઈન મેનેજમેન્ટ, શોર્ટિંગ ગ્રેડિંગ, પેકિંગ એકમના નિર્માણ માટે તેમજ હવાઈ માર્ગે બાગાયત પેદાશોની નિકાસ માટેના નૂર સહાય, વોટર સોલ્યુબલખાતરમાંમહિલાલાભાર્થીઓનેવૃતિકા (સ્ટાઈપેન્ડ) વગેરે જેવા વિવિધ યોજનાઓમાં ૪૭ ઘટકોમાં સહાય મેળવવા ઈચ્છુક ખેડુતોએ આઈ–ખેડુત પોર્ટલ ૨.૦ મારફતે ઓનલાઈન અરજીસ્વીકારવામાંઆવશે. આ અરજી https;/ /ikhedut.gujarat.gov.in વેબસાઈડ ઉપર કરીશકાશે.

બાગાયતદાર ખેડુતો બાગાયતી યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડુતોએ આઈ–ખેડુત પોર્ટલ પર નોંધણી કર્યાબાદ જ ખેડુતો અરજી કરીશકાશે.

આ ઉપરાંત અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફોર્મ કરી અરજીની પ્રિન્ટ મેળવી ખેડુતોએ પોતાની પાસે જ રાખવી, જેની નકલ મંજૂર મળ્યા બાદ કલેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામક, જિલ્લા બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, રામેશ્વર મંદિરની બાજુમાં અમરેલી ખાતે રજૂ કરવી.

આઅંગેવધુજાણકારીઅનેમાર્ગદર્શન માટેઅમરેલીજિલ્લાબાગાયતમચેરીનોરૂબરૂઅથવા ફોનનંબર (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરવો, તેમઅમરેલીજિલ્લાબાગાયતકચેરીનાયબબાગયત નિયામકએએકયાદીમાંજણાવ્યુંછે.

### પહલગામ હુમલાને લઈને નારાજગી

## અમરેલી ખાતે મુસ્લિમ સમાજે આંતકવાદનાં વિરોધમાં રેલી યોજી

### હુમલાના વિરોધમાં ઠેર–ઠેર રોષની લાગણી



અમરેલી, તા. ૨૭

તાજેતરમાં કાશ્મીરના પહેલગામમાં થયેલ આંતકવાદી હુમલાના વિરોધમાં અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં રોષ હોય જિલ્લામાં ઠેર ઠેર પાકિસ્તાનની વિરૂધ્ધમાં રેલી યોજાય રહી છે. અને હુમલાનો ભોગ બનેલા લોકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

ત્યારે મુસ્લિમ સમાજ દ્વારા ગઈકાલે ટાવર રોડથી રાજકમલ ચોક સુધીના મુખ્ય માર્ગ ઉપર ''ભારત માતા કી જય'' તથા પાકિસ્તાન વિરૂધ્ધ '' પાકિસ્તાન મુર્દાબાદ, પાકિસ્તાન હાય હાય, આંતકવાદ બંધ કરો'' જેવા નારા લગાવી અમરેલી મુસ્લિમ સમાજ દ્વારા એક કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાદમાં રાજકમલ ચોક મુસ્લિમ સમાજ દ્વારા બે મિનિટનું મૌન પાળી તમામ મૃર્તકોને શ્રધ્ધાજંલિ આપવામાં આવેલ હતી. આ શ્રધ્ધાજંલિ કાર્યક્રમમાં અમરેલીના હિન્દુ તથા મુસ્લિમ સમાજના બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં મુસ્લિમ સમાજનાઅ આગેવાન રફીકભાઈ મોગલે જણાવ્યું હતું કે, ભારતા દેશના મુસ્લિમ સમાજ કાયમ ભારત દેશ સાથે રહેવાના છે. અને પાકિસ્તાનની રેલી મુરાદનો કાયમી ભારતદેશના મુસ્લિમ સમાજ વિરોધ કરશે.

## બાબરા પાલીકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં આંગણે ભાજપ અગ્રણી છેલભાઈ જોષી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરામાં આજે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના નૂતન સોપાન ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ અને ભાજપના પીઢ અગ્રણી છેલભાઈ જોષી (છેલ દાદા) દ્વારા શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી તેમની સાથે બાબરા સમસ્ત યુવા બ્રહ્મસમાજ અગ્રણી પંકજ ઈન્દ્રોડિયા જોડાયા હતા.

પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજના વડીલ અગ્રણીનું વંદન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લામાં મહાપ્રભુજીના ૫૪૮માં પ્રાગટય દિવસની ઉજવણી કરાઈ



અમરેલી, બગસરા, લીલીયા સહિતનાં સ્થળોએ અખંડ ભુમંડલાચાર્યજગદ્ગુરૂ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં ૫૪૮માં પ્રાગટય દિવસની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી ખાતે વૈષ્ણવ સંપ્રદાય દ્વારા મહાપ્રસાદ અલૌકિક દશસ્ન શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમ યોજાયા હતા. લીલીયા મોટા ખાતે આનંદ મંગલ ઉત્સવ સેવા સમિતિ દ્વારા અખંડ ભુમંડલાચાર્ય જગદગુરૂ વલ્લભાચાર્યજી (મહાપ્રભુજી) ના ૫૪૮માં પ્રાગટય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારના ૧૦:૦૦ કલાકે બાલકૃષ્ણ લાલજી હવેલી ખાતે મુખ્યાજી રવિભાઈ ભટ્ટના વડ પણ નીચે નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ના નારાઓથી સમગ્ર વાતાવરણ વ્રજમય બની ગયું હતું. ત્યારબાદ બપોરના ચાર કલાકે બાલકૃષ્ણ લાલજી હવેલી ખાતેથી ભવ્યાતી ભવ્ય મહાપ્રભુજીની વરણાગી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના ભાઈઓ–બહેનો જોડાયા હતા. વરણાગી શહેરના મુખ્ય માર્ગો પર વાજતે ગાજતે ફરી ઉમિયા માતાજીના મંદિર ખાતે સંપન્ન થયેલ ત્યારબાદ ત્યાં આનંદ મંગલ ઉત્સવ સેવા સમિતિ દ્વારા મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં લીલીયા, ગોઢાવદર, પુંજાપાદર સહિતના ગામોના વૈષ્ણવ સમાજના લોકોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી સમગ્ર આયોજન સફળ બનાવવા આનંદ મંગલ સેવા સમિતિના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. તેમ ઈમરાન પઠાણ અખબારી યાદીમાં જણાવેલ.

# ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

<u>પ્રકરણ...૨૩૨ –૧૯૬૩</u>

**તેરે ખ્યાલો મે હમ..તેરી હી બાહો મે હમ..અપને હૈ..દોનો જહાં.....**
**સાંસો કે તાર પર. ધડકન કી તાલ પર..ગીત ગાયા.પથ્થરોને....**
**પ્રિય વાચક મિત્રો,**

ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ, અખાત્રીજ, અને શ્રી ગણેશ જયંતિની શુભકામનાઓ સાથે, ૧૯૬૪માં આજે ૬૦ના દસકથી લઈ ૧૯૯૦ના દસક સુધીના સફળ કલાકાર જિતેન્દ્રના પરિચય અને તેની સફળ ફિલ્મ સાથેની વાત કરીશું. સાચો પ્રેમ પથ્થરોને પિગળાવી શકે તેમ હોય છે, તેવી કહાની ની વી શાંતા રામની ફિલ્મ જેમાં તેની પુત્રી રાજશ્રી જેની પણ મુખ્ય અભિનેત્રી રૂપેની આ પ્રથમ ફિલ્મ છે, તેની વાત કરતાં પેહલા નાયક જિતેન્દ્ર વિષે થોડું જાણીએ. રાજશ્રી વિષે અગાઉ ૧૯૬૩ માં પરિચય અપાઈ ગયેલ છે.

જિતેન્દ્ર – જિતેન્દ્ર એટ્લે રવિ કપૂરનો જન્મ ૭/૪/૧૯૪૨ના રોજ અમૃતસર પંજાબમાં થયો હતો, તેમના પિતાનું નામ અમરનાથ કપૂર અને માતાનું નામ કૃષ્ણા કપૂર હતું, તેમના પિતા અત્યારે જેનું ખૂબ ચલણ છે, તેવા બનાવટી દાગીનાનો વેપાર કરતાં હતા, તેઓ અમૃતસરથી મુંબઈ સ્થાયી થયા હતા, આ દાગીનાઓ ખાસ કરીને ફિલ્મોના શૂટિંગમાં વધુ વપરાતા હતા, તેઓએ જે તે




નિર્માતા, નિર્દેશકોને ભાડે આપી ગુજરાન ચલાવતા હતા, જિતેન્દ્ર તેનો પુત્ર તેમને તે કામમાં મદદ રૂપ થતો હતો, અને સાથે અભ્યાસ પણ કરતો હતો, અભ્યાસમાં જતિન એટ્લે કે રાજેશ ખન્ના તેના ખાસ મિત્ર હતા, જિતેન્દ્રના પિતા વી શાંતા રામના સંપર્કમાં હતા, જિતેન્દ્રના પિતાના નિધન બાદ પરિવારની જવાબદારી તેના ઉપર આવી, આજીવિકા માટે તેઓ તેના પિતાના વ્યવસાયને અનુસરતા હતા, પણ ફિલ્મી કલાકાર બનવાનું સપનું પણ જોતાં હતા, વી શાંતા રામ સાથેના સારા સંબંધોને ધ્યાનમાં લઈ તેમણે વી શાંતા રામને કોઈ ફિલ્મમાં અભિનેતાનું કામ આપવા કહ્યું, પણ ઓડિસનમાં તેઓ નિષ્ફળ રહ્યા, છતા વી શાંતા રામે તેને નવરંગમાં નાની ભૂમિકા આપી, અને સહેરામાં પણ નાની ભૂમિકા આપી. વી શાંતા રામ તેમની પુત્રી રાજશ્રીને હિન્દી સિનેમામાં લાવવા એક ફિલ્મ બનાવી રહ્યા હતા, અને તે ફિલ્મમાં જિતેન્દ્રને નાયક રૂપે તેઓ લઈ આવ્યા. ફિલ્મ હતી ૧૯૬૪ની ગીત ગાયા પથ્થરોને. ફિલ્મ વધુ સફળ ના થઈ પણ જિતેન્દ્ર માટે હિન્દી સિનેમાના દ્વાર ખૂલી ગયા. પણ ભાગ્ય હજુ સાથ આપતું ના હતું.

તે સમયમાં ૧૯૫૦ના દસકના નવ યુવાનોમાં દેવ આનંદ એક ફેશન આઇકોન સાબિત થયા હતા, તે સમયે ફિલ્મોમાં ફેસન ડીજાઈનર ઉપલબ્ધ રેહતા ના હતા, ૧૯૫૦ થી ૧૯૬૦નો સમય બદલાયો હતો, નવી પેઢી યુવાની તરફ પગલાં ભરી રહી હતી, ત્યારે જીતેન્દ્રએ નવા પોશાકોથી ફિલ્મોમાં આગમન કર્યુ. ૧૯૬૪ના સમયમાં રંગીન ફિલ્મો બનવા લાગી હતી, અને ખાસ વી શાંતા રામ નવરંગથી રંગીન ફિલ્મો જ બનાવતા હતા. અહી જિતેન્દ્રએ ચેકસના શર્ટ, ટી શર્ટ, સ્વેટરનો ઉપયોગ તેના પહરવેશમાં કર્યો, અને તેઓ હિન્દી સિનેમામાં નિર્દેશકો, નિર્માતાઓ, અને દર્શકોનું ધ્યાન ખેચવામાં સફળ થયા. પણ સફળતા ૧૯૬૭ની ફિલ્મ ફર્ઝથી મળી. ફર્ઝની સફળતાએ તેને નવી પેઢીના ફેશન આઇકોન અને સાથે નૃત્યના બેતાજ બાદશાહ એવા જમ્પિંગ જેક બનાવ્યા. ત્યારબાદ સફળતા, નિષ્ફળતાની સાથે તેઓ ફિલ્મો આપતા રહ્યા, ૧૯૮૦ના દસકમાં તેઓ સૌથી વધુ સફળ કલાકાર બન્યા. અને તેઓ ૧૯૬૪ થી ૨૦૨૧ સુધી ફિલ્મો અને વેબ સિરીજમાં સક્રિય છે.

તેમના વ્યકિતગત જીવનમાં જઈએ તો, તેઓ શોભા નામની તરૂણી એટલે કે તેમની વય ૧૪ વર્ષની હતી, ત્યારથી પ્રેમ કરતાં હતા, ૧૯૬૨ના સમય બાદ જિતેન્દ્ર ઘરની જવાબદારી સાથે ફિલ્મોમાં સંઘર્ષ કરી રહ્યા હતા, અને શોભા અભ્યાસ પૂર્ણ કર્યા બાદ બ્રિટિશએવરેજમાં એર હાસ્ટેસ બની ગયા હતા, પણ બંનેનો પ્રેમ જીવંત હતો, એક સમયે જિતેન્દ્ર હેમા માલિની તરફ આકર્ષાયા હતા, અને તેની સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા, પણ શોભાએ અભિનેતા ધર્મેન્દ્રની મદદ લઈ આ સંબંધ આગળ વધવા દીધો ના હતો. અને ૧૯૭૪માં તેઓ શોભા સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા, તેમને સંતાનમાં એક પુત્ર તુષાર કપૂર જે અભિનેતા છે, અને પુત્રી એકતા કપૂર જે ટીવી અને ફિલ્મોની સફળ નિર્માત્રી અને નિર્દેશિકા છે, જિતેન્દ્રને લાઈફ ટાઈમ અચિવ મેંટ એવાર્ડથી સન્માનીત કરાયા છે, તેમની ઋષિ કપૂર, રાકેશ રોશન, રાજેશ ખન્ના, સૂજીત કુમાર અને પ્રેમ ચોપરા સાથે ગાઢ મિત્રતા છે, હાલ તેઓ ૮૩ વર્ષની વયે પરિવાર સાથે જીવન પસાર કરી રહ્યા છે, તેમની જાણી –અજાણી વાતો તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું.

ગીત ગાયા પથ્થરોને – વી શાંતા રામની ફિલ્મ એટલે સંસ્કૃતિ, કલા, અને ભાવનાઓથી સજેલ ફિલ્મ, તેમની ફિલ્મોમાં કલાને મહત્વ વધુ અપાતું હતું, અહી વી શાંતા રામ તેમની પુત્રી રાજશ્રીને હિન્દી સિનેમાના પ્રવેશ માટે આ ફિલ્મ બનાવી હતી, પણ ગીત ગાયા પથ્થરોને પ્રદર્શિત થાય તે પહેલા, ૧૯૬૩માં રાજશ્રીની નાની ભૂમિકાઓ સાથેની ફિલ્મો ગૃહસ્થી અને ઘરબસા કે દેખો પ્રદર્શિત થઈ ચૂકી હતી, અહી વી શાંતારામે નાયક રૂપે નવોદિત કલાકાર જિતેન્દ્રને હિન્દી સિનેમામાં લઈ આવ્યા, જિતેન્દ્ર તે સમયના યુવા દર્શકને અનુરૂપ વસ્ત્રો અને નાચ સાથે આ ફિલ્મમાં કામ કર્યુ, પણ ફિલ્મ વધુ સફળ ના થઈ, જિતેન્દ્રને ૧૯૬૭ની ફર્ઝથી અને રાજશ્રીને ૧૯૬૫ની જાનવર ફિલ્મથી સફળતા મળી. વી શાંતા રામના નિર્માણ અને નિર્દેશનમાં, કે એ નારાયણની કહાની, કૃષ્ણ રાવની સિનેમા ઓટો ગ્રાફી, હસરત જઈપૂરીના ગીતો, અને રામ





લાલના મધુર સંગીત સાથે, અહી આશાજી, મહેન્દ્ર કપૂર, સી એચ આત્મા, અને કિશોરી અમોનકરના સ્વર સાથેમાં મધુર યાદગાર ગીતો સાથે આ ફિલ્મમાં જિતેન્દ્ર, રાજશ્રી, સી એચ આત્મા, નાના પલસીકર, પરેશ કુમાર, માસ્ટર બબ્લુ, ભારતી, માઈ ભીડે, કેશવ રાવ દાતે, અને સુરેન્દ્ર જેવા કલાકારોએ અભિનય આપ્યો.સી એચ આત્માનો ૧૯૨૩માં પાકિસ્તાન હૈદરાબાદમાં જન્મ થયો હતો, અને હિન્દી સિનેમામાં ૧૯૪૫થી સક્રિય રહ્યા છે, તેમનો સ્વર સાયગલ સાહેબના સ્વરને મળ તો આવતો હતો, તેમના સ્વરમાં પ્રિતમ આન મિલો ગીત લોકપ્રિય છે, પણ હિન્દી સિનેમામાં તેમના હરીફ કહીયે તો પણ ચાલે તેવા મુકેશજીના આગમન બાદ તેઓ વધુ સફળના રહ્યા, ઘણા વર્ષો બાદ વી શાંતા રામ આ ફિલ્મમાં તેમને અભિનય અને સ્વર યાત્રા કરાવી હતી. આ ફિલ્મનું જાણીતું ગીત, ગીત ગાયા પથ્થરોને કિશોરી અમોનકર દ્વારા રજૂ થયું છે,કિશોરીનો જન્મ ૧૦/૪/૧૯૩૨ના રોજ મુંબઈમાં થયો હતો, તેઓ શાસ્ત્રીય સંગીત સાથે જોડાયેલા હતા, અને વી શાંતા રામના સંપર્કમાં આવ્યા હતા, તેઓ શાસ્ત્રીય સંગીતમાં પારંગત હતા, તેમને પદ્મવિભૂષણ અને પદ્મભુષણથી સન્માનીત કરાયા હતા, તેમનું નિધન ૨૦૧૭માં થયું ત્યારે વર્તમાન પ્રધાનમંત્રી મોદી દ્વારા તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ હતી. હવે વાત કરીયે ફિલ્મની કહાનીની સુરેન્દ્રની પુત્રીનું બચપણમાં તેની નોકરાણી માઈ ભીડે અપહરણ કરી જતી રહી છે, વર્ષો બાદ પણ તે તેની પુત્રીને ભૂલી શકયા નથી, તેની યાદમાં એક મદિર બનાવવા માંગે છે, પણ તેના માટે શિલ્પીની શોધ જરૂરી છે, તે શોધ તેના મિત્ર શિલ્પી નાના કરી રહ્યા છે , જિતેન્દ્ર એક શિક્ષિત યુવાન છે, તેના પિતા એક શિલ્પી છે, પણ જિતેન્દ્રને શિલ્પ કલામાં રસ નથી, પણ રાજશ્રીની સાથેની મુલાકાત તેને શિલ્પી અને પ્રેમી બનાવી દે છે, રાજશ્રીએ સુરેન્દ્રની પુત્રી છે, જેને માઈભીડે ઉપાડી ગઈ હતી, તે રાજશ્રીને વેચવા તૈયાર થાય છે, પણ પ્રેમી જિતેન્દ્ર સી એચ આત્મા જે તેના કાકા છે, તેની મદદથી તેના પિતાના વિરોશ છ્તા લગ્ન કરે છે, બીજી તરફ શિલ્પી નાના જિતેન્દ્રની કલાથી પ્રભાવિત થાય છે, અને તેને દિલ્હી સુરેન્દ્ર પાસે લઈ જાય છે. ત્યાં તેને મંદિરની મૂર્તિઓ બનાવવાની જવાબદારી સોપાય છે, જિતેન્દ્ર જયારે તેના ગામ આવે છે, ત્યારે તેને ખબર પડે છે કે તેના કાકાનું મૃત્યુ થયું છે, અને તેની પત્નીને એક એક સંતાન પણ છે, ત્યારે તે તેને અપવિત્ર સ્ત્રી સમજી તેનો ત્યાગ કરે છે. અને દિલ્હી જતો રહે છે. રાજશ્રી તેની પાછળ સુરેન્દ્ર ને ત્યાં એક રસોયણ રૂપે કામે રહે છે, પણ તેનું મુખ સંતાડી રાખે છે, જિતેન્દ્ર રાજશ્રીને ભૂલી શકતો નથી, અને મુર્તિ બનાવી શકતો નથી, ત્યારે તે એક દિવસ રાજશ્રીને ઘુંઘટમાં જોઈ જાય છે, તેને તેમાં તેની પત્ની દેખાય છે, અને તે તેને પ્રેરણા બનાવી પ્રતિમા આ બનાવે છે, એક દિવસ તે રાજશ્રીને ઓળખી જાય છે, અને તેને ધિક્કારે છે, પણ અંતે જિતેન્દ્રના પિતા ત્યાં પહોચી જાય છે, અને રાજશ્રી એક પવિત્ર સ્ત્રી છે, અને તેના બાળકનો પિતા જિતેન્દ્ર છે, તેની ખાત્રી આપે છે, સાથે માઈભીડેને પણ લાવે છે, અને એક પિતા અને પુત્રીનું પણ મિલન થાય છે, જિતેન્દ્રનો નાનો પુત્ર પણ નાની વયે એક ઉતમ શિલ્પી રૂપે બહાર આવે છે. ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે, સહેરાના મધુર સંગીત બાદ વી શાંતા રામે અહી સંગીતકાર રામ લાલને ફરી સંગીતની જવાબદારી આપેલ છે. આગામી અંકમાં દારા સિંગ અને વહિદા રેહમાનની ફિલ્મો સાથે મળીશું. આભાર.

# *કામમાં ન આવે તેવી કમાણીઃ મેદસ્વિતા–જાડાપણૂં (OBESITY)*

બે સપ્તાહથી આપણે વજન વધવાના કારણોની ચર્ચા કરીએ છીએ જેમાં આપણે ખોરાક અને બેઠાડુ જીવનથી વજન વધવાના કારણોની ચર્ચા કરી આજે અન્ય કારણો જોઇશુ.

**વધતી ઉંમર અને મેનોપોઝ** : ભારતીય લોકોમાં એવું જોવા મળે છે કે નોકરી – ધંધામાં સ્થાયી થયા પછી પુરૂષોનું અને ૧–૨ બાળકના જન્મ પછી સ્ત્રીઓનું વજન વધવા માંડે છે. આમ થવાનું મુખ્ય કારણ ઉતરોતર શારીરિક શ્રમમાં ઘટાડો થવા છતાં ખોરાકની ટેવોમાં અને એની કેલરીમાં ઘટાડો થતો નથી, એ છે. નાનપણમાં વધુ રમતગમત અને વધતા શરીરને ધ્યાનમાં લઇ વધુ ચરબી – પ્રોટીન અને કેલરીવાળા ખોરાકની જરૂર પડે છે. પરંતુ રમત – ગમત – વૃધ્ધિ બંધ થઇ ગયા પછી પણ વધુ ચરબીવાળ ો ખોરાક ભાવતો થઇ ગયો હોવાથી એ વધુ પ્રમાણમાં ખાવાનું ચાલુ જ રહે તો સ્વાભાવિક રીતે વજન વધવા લાગે છે. સ્ત્રીઓમાં પણ, સગર્ભાવસ્થા અને ધાત્રી અવસ્થા દરમ્યાન વધુ ચરબી અને કેલરીવાળો ખોરાક આપવામાં આવે છે. જો સ્ત્રી – બાળકની જરૂરિયાત કરતા વધુ ખોરાક આપવામાં આવે તો એ ચરબી તરીકે જમા થવા લાગે છે. સામાન્ય રીતે ગર્ભાવસ્થા દરમ્યાન સરેરાશ ૩–૪ કિલો ચરબી જમા થાય છે. જો બાળકને પુરતું સ્તનપાન કરાવવામાં આવે તો આટલું વજન સહેલાઈથી ઘટાડી શકાય છે. પરંતુ સ્તનપાન ન કરાવવામાં આવે કે ૬ મહિનાથી ઓછો સમય કરાવાય કે વધુ ચરબીવાળ ો ખોરાક ચાલુ રાખવામાં આવે તો ધાત્રી અવસ્થામાં પણ વજન વધવા લાગે છે. મોટાભાગના ઘરોમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા દરમ્યાન સ્ત્રીઓનો શારીરિક શ્રમ ઘટે છે જે વજન વધારવા માટે અગત્યનો ફાળો આપે છે.




આ ઉપરાંત , જેમ ઉંમર વધતી જાય છે તેમ આરામના સમયે વપરાતી કેલરી ઘટતી જાય છે. દર ૧૦ વર્ષે આરામના સમયે વપરાતી કેલરીમાં ૫ ટકાનો ઘટાડો થાય છે. જેને પરિણામે એક સરખો ખોરાક ખાનાર યુવાન અને વૃધ્ધ વ્યક્તિમાંથી વૃધ્ધ વ્યક્તિના શરીરમાં વધુ કેલરી વપરાયા વગરની જમા થશે – જે ચરબી સ્વરૂપે સંઘરાઈને શરીરનું વજન વધારશે. વળી વૃધ્ધો પાસે વધુ ફુરસદનો સમય હોવા છતાં ચાલવા, તરવા કે રમત રમવાની પ્રવૃતિઓ તેઓ ઓછી કરે છે અથવા શારીરિક મર્યાદાને કારણે નથી કરી શકતા.

મેનોપોઝ ટાઈમમાં સ્ત્રૈણ અંત : સ્ત્રાવોનું પ્રમાણ ઘટવાથી હાથ – પગ થાપાને બદલે પેટ ઉપર વધુ ચરબી જમા થવા લાગે છે. પીસીઓડી અને મેનોપોઝ ના લેખ માં આપણે વિસ્તારથી આ બાબતની ચર્ચા કરીશું.)

**વજન ઘટાડવા માટે શું કરવું ?**

ઓબેસીટીના લેખોની શરૂઆત કરી ત્યારથી વાચક મિત્રોના સતત ફોન અને મેસેજ આવે છે કે વજન ઘટાડવા શુ કરવું ? આ મેદસ્વિતા લેખમાળા લખવા પાછળ નો મુખ્ય હેતુ જ એ હતો કે વજન ઘટાડવાની બાબતે લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ દુર થાય અને વૈજ્ઞાનિક અને સાચી રીતે, શરીરને કોઇપણ જાતની નુકશાની વગર કેમ વજન ઘટાડી શકાય અને એક વાર ઘટેલું વજન કેમ જાળવી શકાય તેનાથી માહીતીગાર કરવા.

મારા આયુર્વેદ ચિકિત્સક તરીકેના ૨૯ વર્ષ ના અનુભવે મને એવું લાગ્યુ છે કે ૧૦૦ વ્યક્તિ વજન ઘટાડવા માટે પ્રયત્ન કરે તેમાંથી માત્ર ૧૦ વ્યક્તિ જ સાચી રીતે વજન ઘટાડી શકે છે એનું કારણ એવું છે કે આપણે એવા કોઇ નિષ્ણાંત પાસે વજન ઘટાડવાની સાચી રીત સમજયા નથી, મોટા ભાગે લોકો બીજા પાસેથી સાંભળેલી વાતોથી, સોશીયલ મીડીયામાં આવેલા નુસ્ખાથી કે સગા – વહાલા એ કરેલા પ્રયોગોથી પોતાની મેળ ે જ વજન ઉતારવાના પ્રયોગો શરૂ કરી દેતા હોય છે અને પરીણામે શરૂઆતમાં (વોટર લેવલ ડાઉન થવાના કારણે) કદાચ વજન ઉતરે એવું બને અને પ્રયોગો બંધ કરતા પહેલા કરતા પણ વજન પાછું વધી જાય આવું મોટાભાગના લોકો સાથે થતું હોય છે.

વજન ઘટાડવા માટે અને ઘટી ગયેલું વજન જાળવી રાખવા માટે મને સૌથી અગત્યની બાબત લાગે છે મનનો નિશ્ચય, દ્રઢ મનોબળ, ધીરજ અને નિયમિતતા. હાલમાં પોલીસ ભરતી છે તેનીતૈયારીના ભાગરૂપે અખાડામાં સવાર – સાજ લગભગ ૧૫૦ જેટલા છોકરા – છોકરીઓ રનીંગ અને બીજી કસરત માટે આવે છે, જયારે – જયારે પણ ભરતી આવે છે ત્યારે આવા છોકરા – છોકરીઓની સંખ્યા અખાડામાં વધી જાય છે, આમાના મોટાભાગના દર વખતે હોય છે, આ છોકરાવ સાથે મે વાત કરી કે તમે આ તૈયારી જયારે ભરતી આવે છે ત્યારે જ કેમ કરો છો ? આ કસરત તો તમારે નિયમિત કરવાની જરૂર છે, આ સલાહ તે લોકો ને પોલીસ ભરતી સુધી સારી લાગે છે, પછી જેવી પરીક્ષા પુરી થાય એટલે ધીમે – ધીમે આ અખાડાની ટેવ છુટી જાય છે, જેને લીધે પરીક્ષામાં સાતત્યપુર્ણ દેખાવ નથી કરી શક્તા. આવુ જ વજન ઘટાડવાની દવા લેવા વાળાનું હોય છે, આરંભે શુરાની જેમ જયારે વજન ઘટાડવાનું શરૂ કરે એટલે બધુ જ કરવા માંડે, ધીમે – ધીમે તેમાંથી બધુ છુટતુ જાય અને સરવાળે હતા ત્યા ને ત્યા.મેદવૃધ્ધિના દર્દી અને એના ડોકટર માટે સૌથી જટિલ કોયડો હોય તો એ કે આવા દર્દીનું વજન કાયમી ઘટાડવા માટે શું કરવું ? ઘણા મેદવૃધ્ધિ ના દર્દીઓ બે – ચાર ઉપવાસ કરીને એકાદ અઠવાડીયામાં બે – ચાર કિલો વજન ઘટાડી નાખવા સમર્થ હોય છે પરંતુ આ રીતે અચાનક ઘટાડેલું વજન એટલી જ ઝડપથી પાછું વધી જાય છે. જો વજન કાયમી ઘટાડવું હોય તો ઉપવાસ નહી પણ ખોરાકમાંલાંબા ગાળાના પરિવર્તનો જ મદદરૂપ થઇ શકે. આવતા સપ્તાહે વજન ઘટાડવા માટે ના ખોરાકની ચર્ચા કરીશું.

**કહેવતમાં આરોગ્યઃ** (૧) અલ્પાહારી સદા સુખી (૨) અન્ન પારકું છે પણ પેટ કંઈ પારકું નથી (૩) ઊંઘ અને આહાર વધાર્યા વધે ને ઘટાડયા ઘટે (૪) થોડું ખાઈએ તો સુખ ઉપજે, વધુ ડોકટર લઈ જાય (૫) અલ્પાહાર એ હંમેશનો અપવાસ છે.

# સદ્‌ભાવની સુગંધ

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

સદ્‌ભાવની સુગંધને ચોપાસ તાળું લાગ્યું છે. ભીતરે નકકી આપણા ભીતરનાં દ્વાર બંધ હોવા જોઈએ.સદ્‌ભાવ અને સંવેદના હોવી એ માણસ હોવાનું લક્ષણ છે. કાશ્મીરની ઘટના વાંચી જોઈ અનેક માણસો રડયા છે. જયાં લાગણી અને સંવેદના મનુષ્યમાં હશે તે કયારેય અજુગતું કામ કરશે નહિ. આ માટે ઉપાય ભગવાન કૃષ્ણે ગીતામાં બતાવ્યુ છે: સંસ્કૃતિમાં ''સાતતાયી'' શબ્દ છે. તેનો અર્થ એવો થાય છે કે નિર્દોષને મારી નાખે લૂંટ કરે, જ્ઞાની માણસોને રંજાડે વગેરે ઘણો વિસ્તાર પૂર્વક અર્થ આપ્યો છે. શ્રી કૃષ્ણે આવા ''સાતતાયી'' માણસોને રાક્ષસ કહ્યા છે. સાતતાયી વ્યકિતને મારવામાં પાપ નથી શ્રી કૃષ્ણે જીવનપર્યત આ કામ કર્યુ છે.સદ્‌ભાવ અને સંવેદના શિક્ષણથી મળી શકે. કથા સાંભળે, વ્યાખ્યાનો સાંભળે, સારા ધાર્મિક પુસ્તકો વાંચે એટલે સદ્‌ભાવ અને પ્રેમની સંવેદના જાગે છે અને માણસ દેવ બનતા તરફ પ્રગતિ કરે છે. દરેક વ્યકિતના જીવનમાં સારા પુસ્તકો ભલે તે પછી નવલકથા, નાટક કે કાવ્ય હોય પણ તે જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. આપણા સાહિત્યમાં આવા પુસ્તકો હજારોની સંખ્યામાં છે. પણ વાંચે કોણ ? લાયબ્રેરી અને ગ્રંથાલયો સુના પડયા છે. વાંચનારની સંખ્યા ઘટતી જાય છે. પરંતુ આ માટે ઉપાય કરી શકાય.અંકલહોમ કેબીન પરદેશમાં યુરોપમાં લખાઈ એક પ્રત સંતાડીને અમેરિકા મોકલી ત્યારે ગુલામોનો વેપાર થતો હતો. આજે માર્કેટમાં રીંગણા, બટેટા વેંચાય છે. તેમ યુવાનો સ્ત્રી પુરૂષોની બજાર ભરાતી અને પૈસાદાર વર્ગ આફ્રિકામાંથી પકડી લાવેલા હબસીઓને સાંકળ બાંધી વેચતા. આ ગુલામો પાસે માલિક ગમે તેવું કામ કરાવી શકતો. પરંતુ આ પુસ્તક માણસોનાં હૃદય હલાવી નાખ્યા. આ પુસ્તક ગુલામી નાબુદ કરવા મહત્વનો ભાગ ભજવ્યો. જીન–વાલજીન વિકટર હુગોના પુસ્તકોએ માનવજીવનમાં સંવેદનાનાં રંગો ભર્યા. માણસોમાં દયા, પ્રેમ, કરૂણા હોય તો માનવધર્મ સવિશેષ ઉચેરા સ્થાને છે. કુટુંબ, સમાજ દેશમાં સદ્‌ભાવ જગાડવાની જરૂર છે. તમે ધનિકો હો કે સતાસ્થાને હો પણ તો તમારૂ જીવન નીષ્ફળ છે સુખી અને સાર્થક જીવન માટે પાઠયપુસ્તક ઉત્તમ ચરિત્રગ્રંથો બલિદાની કથાઓ દેશપ્રેમની કથાઓ ભણાવવી જોઈએ તો બાળપણથી જ દેશપ્રેમ જાગે, નૈતિક જીવન જીવવાનું મન થાય. આજે માણસ ખૂબ ઉંચા સ્થાને બેસી સત્તાને જોરે ભ્રષ્ટાચાર કરી રહ્યો છે. સારો માણસ બનાવવા તાલીમ અને પ્રેરણા આપવી પડશે. સુંદર કથાઓ સાંભળવી પડશે.આપણા દેશમાં આવા નૈતિક સંસ્કારી મહાપુરૂષોથી ઈતિહાસ ભર્યો છે. વડાપ્રધાન શાસ્ત્રીજી આ માટે ઉત્તમ ઉદાહરણ છે. અખંડ ભારતના ઘડવૈયા સરદાર પટેલ નામ લખવા બેસીએ તો સ્વતંત્ર ગ્રંથ બને. પરંતુ આજે આવા ઉદાહરણો શોધવા પડશે. અને મે તો સન્માન કરવું જોઈએ.એથેન્સનો એક ડાહ્યો માણસ જેને આપણે સત્વીર સોક્રેટીસના નામથી ઓળખીએ છીએ. તેઓ પોતાના શિષ્યોને નાટયાત્મક ઉપદેશ આપતી એક વખત બપોરના બાર વાગે શહેરના ચોકમાં ફાનસ સળગાવી હાથમાં ફાનસ રાખી રસ્તા વચ્ચે ઊભા હતા ધીમે ધીમે તેમની આસપાસ માણસો ભેગા થવા લાગ્યા. રસ્તામાં કોઈ અધિકારી શહેરનો વડો, અગત્યના હોદાધારી વ્યકિતઓ નીકળે તો તેમની પાસે જઈ ચહેરા સામે ફાનસ ધરે અને પછી કહે કે આ પણ નહિ. એક શિષ્યે છેવટે પૂછયું તમે આ શું કરો ? સોક્રેટીસે કહ્યું કે હું સાચો માણસ શોધું છું કે આ શહેરમાં કોઈ ખરો માણસ છે ? પરંતુ છેવટે સોક્રેટીસ નિરાશ થઈ ફાનસ એક બાજુ મુકી ભાષણ કર્યુ આ ભાષણ અતિ ઐતિહાસિક અને વાંચવા જેવું છે !ખરો માણસ એટલે શું? ખરો માણસ કેવો હોય તેમના ગુણો વિશ શિષ્યોને સમજાવ્યું. જો કે આ પ્રવચનથી શહેરના અધિકારી વર્ગ નાખુશ થયા પરંતુ સત્યવીરે પોતાને મત ન છોડયો. નૈતિક રીતે સંસ્કારની રીતે આદર્શ હોય.આપણા ઈતિહાસમાં આવા સેંકડો પ્રસંગો છે. શિર દિયા પણ શિષ ન દીયા. ઓરંગઝેબના શાસનમાં અતિક્રૂરતા સામે પણ ન ઝુકનારા બહાદુર માણસો હતા. શિવાજી તથા તેમનો પુત્ર શંભાજીની આંખમાં ધગધગતી સરીયા ભોંકી દીધા તો પણ સત્ય અને ટેક ઘોડી ન હતી. અત્યારે આપણે સૌ સામાન્ય મામુલી ચીજમાં વેચાઈ જઈએ છીએ.

તમે ગમે તે સ્થાને હો તમે નૈતિકતા, સ્વધર્મને ન તજી ફ્રુર બજાવો એ સૌથી ઉત્તમ સફળતા છે. કોઈ નોંધ લે કે ન લે પણ અંતરાત્મા ખુશ રહેશે.

જીવતા આવડે તો તો જાહોજલાલ છે જિંદગી,
જો જીવતા ન આવડે તો પાયમાલ છ જિંદગી.

ભરબપોરે તાપ સહેતા રહીએ, સૌને છાંયડો આપતા ચાલતા રહીએ. કાંટાનું કામ ભલે કાંટા કરે પણ ફુલડાં તો ઠેર ઠેર મહેકયા કરે જીવન ખૂબ ટુંકુ છે પણ મહેંક છોડીને ચાલતા રહેવું એ જિંદગીનો સાર છે. આપણી પાસે કેટલો સમય છે? Trusting od and do the Right.

# ગુરૂ પિતુ માતુ સ્વામી હિતબાની, સુનિ મનમુદિત કરિય ભલજાની ।

રહેવાને અવસર મળતાં ભગવાનના શબ્દો સાંભળવા મળ્યા કે, ''ભોજન ભજન, ખજાના, નારી યે સબ એકાંત કે અધિકારી.''

ભોજન લીધા બાદ સેવા કરનાર બહેનને બેલાવી કહ્યું, ''દેખો તો રમા બહાર હૈ ઉસકો બુલા દો.'' લગભગ આ શિવરાત્રિનો આસપાસનો સમય હતો. મને અંદર બોલાવી દરવાજો બંધ કરી સેવા કરનાર બહેનને બહાર જવા કહ્યું. પુષ્કર રામકુટિ મકાનના સેડામાં ભગવાન સગડી તાપતા બિરાજતા હતા. જીવનમાં ભગવાનના સાનિધ્યમાં પ્રથમ જ વાર એકાંતમાં મળવાનો અને વાત કરવાનો અવસર હતો. તેથી મનમાં ખૂબ જ ગભરાટ હતો. પ્રણામ કરતાં પ્રેમથી કહ્યું, ''બૈઠે બોલે કયા કહતી હો ?'' સાથે રાખેલી ચિટ્ઠી તૈયાર હતી તે આપી દીધી.

પ્રથમ પ્રશ્નના જવાબમાં કહ્યું, ''પઢોગી તો પાસ હો જાઓગી નહીં તો નાપાસ.'' જવાબથી મનમાં સંતોષ ન થયો. આવું તો બધા કહે. ભગવાન અંતર્યામી છે તેમણે પણ આવે જવાબ આપે! પરંતુ હું કાંઈ બોલી નહીં.

બીજા પ્રશ્નના જવાબમાં, ''અચ્છા યહ બતાવ તુમ્હે સબસે અધિક પ્રિય ચીજ કયા હૈ ? નાચના, ગાના, ખેલના, કૂદના, સિનેમા દેખના, અચ્છે અચ્છે કપડે પહેનના ?''

હું તો ચૂપ હતી. આગળ કહે, ''દેખો જો વસ્તુ તુમ્હેં અધિક પ્રિય હોગી ઉસકે અધિક વિચાર આયેંગે, યદિ તુમ્હેં સબસે અધિક પ્રિય ભગવાન હો તો ભગવાન કે વિચાર આયેંગે. યદિ ભગવાન કે વિચાર આયેંગે તો માલ મેં મન લગ જાએગા.''

ત્રીજા પ્રશ્નના જવાબમાં કહ્યું, ''યહાં સે મેરે સાથે ચિત્રકુટ ચલો. વહાં તુમ્હે જરૂર કંઠી દૂંગા.'' કંઠીની વાત સાંભળીને પૂર્ણ સંતોષ સાથે ખૂબ ખુશ થઈ ગઈ.

ચોથા પ્રશ્નના જવાબમાં મૌન રહ્યા. ચિટ્ટી ફાડી નાંખી. મને મારી મનગમતી વાતને જવાબ મળી જવાથી આ પ્રશ્નના જવાબની ઈંતેજારી ન રહી. તરત જ પ્રણામ કરી ઊભી થતી હતી. ત્યાં બોલ્યા 'ઐ, કહાં જાતી હો ? અભી પંદ્રહ મિનિટ કહાં હુઈ હૈ ? તુમને તો પાંચ ઔર દસ, પંદ્રહ મિનિટ માંગી થી ના ?'' ભગવાને બેસવા કહ્યું અને આવ્યા, ''તુમકો તો જો પૂછના થા વો પૂછ લિયા અબ કુછ પૂછના હૈ ?'' બાપુ હલાવીને ના કહી. તો હસીને બોલ્યા, ''ઈતના બડા સિર હિલાતી હો તો ઈતનીથી જબાન હિલાવના.''

''અચ્છા અબ મૈં તુમસે પૂછું ? સચ સચ બતાઓગી ? જૂઠ તો નહીં બતાઓગી ?'' ભગવાને પ્રશ્ન પૂછતાં વધારે ગભરાય ગઈ. ભગવાન તો સુમનામી છે. કદાચ ખોટું બોલું તો પણ તેમનાથી થોડું છુપું રહેવાનું છે. પછી આમ કેમ પૂછતા હશે ? ભગવાને પૂછ્યું, '' તુમ્હારી કોઈ લડકેસે મિલતા તો






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

નહીં હૈ ?'' તે સાંભળતા જ હું રડી પડી. મને થયું ભગવાન આવું તેમ પૂછે છે. હું જયાં અભ્યાસ કરતી તે કન્યાશાળા હતી. મને ડરેલી જોઈ બોલ્યા, ''દેખો મૈં જાનતા હૂં ઐસા કુછ નહીં હૈ મેરે પાસે જો લડકિયાં આતી હૈ ઉસકા કુછ ન કુછ ગપાડા રહતા હૈ. ઈસલિયે મૈનેં તુમસે ભી પૂછ લિયા. અચ્છા મૈં તુમસે જો માંગૂ વહ દોગી ?'' મૈં જણાવ્યું, ' 'ભગવાન મેરે પાસ તો કુછ ભી નહીં હૈ.'' નો બોલ્યા, ''તુમ્હારે પાસ હૈ'' મૈં કહ્યું, હૈ તો જરૂર દૂંગી, ''અચ્છા અને વચન દો કભી કોઈ લડકેસે મિત્રતા નહીં કરોગી'' ખુશી સાથે ભગવાનને વચન આપ્યું.

ભગવાને કહ્યું, ''દેખો અબ એક કામ કરના, શાલમેં તુમ્હારે સાથ જો દો લડકિયાં બૈઠતી હૈ ઉસકા સાથ તુમ છોડ દેના.'' મને આ કાને છોકરીઓ વિશે કાંઈ જ ખબર ન હતી આગળ જતાં ખબર પડી અને છોકરીઓ કોઈ છોકરાઓ સાથે સંબંધ રાખતી હતી. ભગવાનના – શબ્દોમાં મારા ચોથા પ્રશ્નનો જવાબ હતો કે તારી શાળા તો શું તારા વર્ગમાં સાથે ભણતી છોકરીઓને પણ જાણું છું. મૈં કહ્યું, ભગવાન એ લોકો સાથે ન બોલું તો ખરાબ ન લાગે ?'' ભગવાન કહે ''યહ થોડી હૈ કિ તુમ શાલામેં જાકર ઉસસે ઝઘડા કર લો. ધીરે ધીરે ઉનસે સંપર્ક કમ કર દેના.''

ભગવાન સાથે આટલી વાત કરી રૂમમાં જઈ એ દર્શન, સાનિધ્ય શ્રેષ્ઠ શબ્દો વાગોળતી રહી અને જલ્દી કયારે ચિત્રકૂટ જવાય તે શુભદિનની પ્રતિક્ષા કરતી રહી. ભગવાનના સાનિધ્યના આનંદના થોડા દિવસો કયારે પૂરા થઈ ગયા ખબર ન રહી. ''જાત ન જાને દિન અરૂ થતી....'' ભગવાન પુષ્કરથી જયપુર પધાર્યા. બધા સાથે ગલતાજીથી પતિતપાવનજી ભગવાનના ચરણોમાં પ્રણામ કરી ચિત્રકૂટ જવા રવાના થયા.

ગુરૂ સેવા કરિ આયસુ પાઈ,
રામામતુપહ ગે દોઉ ભાઈ ।
(૧૨) ભજતહિં કૃપા કરહિં રઘુરાઈ

''અબ ચિત્ત ચેતિ ચિત્રકૂટ હિ ચલ.''

જયપુરથી ચિત્રકૂટ જવા માટે આગ્રા, ઝાંસી થઈને ભગવાન સાથે રાત્રે અઢી વાગે કર્વી પહોંચ્યા. વહેલી સવારે બસ દ્વારા ત્યાંથી સીતાપુર પહોંચ્યા. ચિત્રકૂટની એ પરમ પવિત્ર ભૂમિ મારા માટે સાવ અજાણ હતી. ભગવાન સાથે ચાલીને સીતાપુરથી જાનકીકુંડ પહોંચ્યા. ભગવાન ચિત્રકૂટ માટે કહેતા,

કંકર, કાંટા, બંદર, ખાઈ,
ચિત્રકૂટકી ચાર અધિકાઈ.

તે દિવસે ચૈત્ર સુદ એકમ હતી. શ્રીમંદાકિનીમાં સ્નાન કરી તૈયાર થઈ ભગવાનની આજ્ઞાથી શ્રી રામચરિત માનસ નવાહન પાઠનો પ્રારંભ કરવા માટે ભગવાનની ગુફાની બહાર બધા ગોઠવાયા. સાધુ સમાજ નવ દિવસ માટે ''શ્રી રામ જય રામ જય જય રામ'' અંખડ સંકીર્તન ચાલુ કરવાની તૈયારીમાં વ્યસ્ત હતા. મારા માટે આ બધું તદ્દન નવું જ હતું. બાપુજી માનસજીનો પાઠ કરતા પરંતુ હું રામાયણ કે નવાહન શું તેનાથી અજાણ હોવાથી જરા પણ રૂચિ નહોતી. મૈં વિચાર કરેલો હું અખંડ કીર્તનમાં વધારે સમય બેસીશ.

શ્રી રઘુવીર મંદિરમાં ધૂન ચાલુ થતા ત્યાં જઈ બેસી ગઈ. પૂ. શ્રી ઓધવજીબાપા ત્યાં આવી કહેવા લાગ્યા, ''બેટા તું પાઠમાં નથી બેઠી ?'' ''ના દાદા મને કંઈ સમજાતું નથી અને ભગવાને મને બેસવા કહ્યું પણ નથી.'' તેમણે કહ્યું, ''હું હમણાં ભગવાન પાસે જઈ વાત કરૂં છું. થોડીવારમાં દાદા પાછા આવ્યા અને કહ્યું, ''ચાલ તને ગુરૂદેવ બોલાવે છે.'' ભગવાન પાસે જતાં હાથમાં શ્રી રામચરિત માનસજીનું પુસ્તક આપ્યું અને કહ્યું : ''ચલો પાઠમેં બૈઠો. તુમકો યહાં લાયા કિસલિયે હૂં ? ઈસીલિયે તો લાયા હૂં.''

''અતિ હરિકૃપા જાહિ પર હોઈ પાંવ દેહિ યહ માર્ગ સોઈ.''
ગુરૂહિ સુનાવ ચઢાઈ સુહાઈ, નઈ નાવ સવ માતુ ચઢાઈ ।

માનસજીના અભ્યાસી ભાઈ બહેનો હું એક શબ્દ વાંચુ ત્યાં ચોપાઈ પૂરી કરી લેતા. સખત કંટાળાથી નવ દિવસ ભગવત્ આજ્ઞાથી પાઠમાં બેઠી. અંતે શ્રી રામનવમીના શુભ દિવસે પાઠની પૂર્ણાહુતિનો સમય આવતા છૂટકારો અનુભવ્ય.

આ રીતે શ્રીમાનસ બાલમંદિરને અભ્યાસ ચાલુ થયો. શ્રી રામ–નવમીના શુભ મંગલ દિને સવારે છ વાગે ભગવાને મને અને મારા બાને બોલાવ્યા, તુલસીજીની કંઠી હસ્તકમળમાં લઈ એક એક મણિ પર વિ દષ્ટિ કરી બે હાથની હથેળી વચ્ચે થોડીવાર રાખી. પછી હથેળીમાં ''શ્રી'' (કુંકુમ) ઘોળીને હથેળી પર હથેળી થોડીવાર રાખી જે કંઈ ક્રિયા કરવાની હશે તે કરી. એક પાનમાં તે કુંકુમ આપતાં કહ્યું, ''ટીકા લગા લો.'' ત્યાર બાદ પિતાના અને મારા મસ્તક પર એક સફેદ વસ્ત્ર આઢાડી કાનમાં ત્રણવાર ષડાક્ષર મંત્રરાજ બોલ્યા અને કહ્યું, '' બતાવો અબ મુઝે ગુરૂદક્ષિણામેં કિતની માલા દોગી ?'' મને ખબર પડતી નહીં તેથી કહ્યું, બાપુજીને પૂછીને કહીશ. ભગવાન હસી પડયા. બાપુજી જેટલી માળા કરતા હશે તેટલી માળા હું કરીશ તે ભગવાનને જણાવતાં ખૂબ પ્રસન્નતા વ્યકત કરી. આ દિવસના આનંદનું વર્ણન કયા શબ્દોમાં કરૂં ?

ગુરૂ બિનુ ભવનિધિ તરહિં ન કોઈ......વંદે ગુરૂપદ પદ્મ પરાગા, સુરૂચિ સુવાસ સરસ અનુરાગા. નવાહન પારાયણની પૂર્ણાહુતિનો આનંદ ઓસરી ગયો કારણ ભગવાને કહ્યું, ''દેખો રમા આજ નવાહન પારાયણકા અંતિમ દિન હૈ લૈકિન તુમ્હારે લિયે નહીં. કલસે વાપિસ પાઠ ચાલુ કર દેના. નવ દિનમેં પૂરા હોને પર ફિર ચાલુ કરના. ઈસ તરહસે ૧૦૮ બાર પૂરી સામાયણ પઢ જાના.'' આ સાંભળી મનમાં સમયનો વિચાર આવ્યો. ૧૦૮ પાઠ કરતાં ત્રણ વર્ષનો લાંબો સમય લાગે. શરૂમાં નવાહન પાઠ કરનાં ત્રણ કલાક લાગતા વળી સમજ પડતી નહીં.

વાર્ષિક પરીક્ષા નજીક આવતી હતી. સાથે પુસ્તક લાવી હતી તેનો અભ્યાસ કરવા અમુક બહેનો કહેતા રહેતા. અભ્યાસમાં રસ હતે, એકબાજુ અખંડ સંકીર્તન, બીજી બાજુ માનસજીના પાઠ અને.

---

# 'સમજણ એ જ નારાયણ'

## પૂ.શ્રી દશાણી સાહેબ સ્મૃતિ વંદના નિબંધ સ્પર્ધા અંતર્ગત દ્વિતીય ક્રમાંક વિજેતા નિંબંધ

(આયોજક : રૂપાયતન – અમરેલી)



## 'ગુજરાતી ભાષાનું મને ગમતું પુસ્તક'



**'છે જ કયાં સિંદરિયા થાપા હવે ? ધૂળ ઓઢી સૂઈ રહ્યાં છે. પાળિયા !'**
**– કૈલાસ પંડિત**

ભારત એ ગામડાનો દેશ છે. આપણી અસલ સંસ્કૃતિ ગામડામાં જ વસે છે ! આપણા દેશનાં મોટાભાગના આપણા દેશનાં મોટાભાગનાં સંસ્કારો, રિવાજો, રહેણીકરણી મૂલ્યો અને જમીન સાથેનું જોડાણ, ખેતી અને અંતનો સમન્વય એ ગામડાની જ દેન છે ! આપણે ગામડાની અવગણના કરી જ ન શકીએ. ગામડું ભારતીફ સંસ્કૃતિની ધરોહર છે. નીંવ છે. આપણા રાષ્ટ્રની અનેક–અનેક મૂલ્યવાન ધરોહરો, અવશેષો અને આધારોને ગામડાએ જ જન્મ આપ્યો છે. – સાંચવ્યા છે. – સાંભળી રાખ્યા છે. સમયની દોર બદલાય નવી પેઢી, નવી પેઢીના શિક્ષણ, વિકાસ અને અર્થોપાજન માટે સમાજ શહેર તરફ વળ્યો – દોડયો અને તેનાં માઠાં ફળસ્વરૂપે ગામડા ભાંગવા લાગ્યા. તો તેની સાથોસાથ આપણો અણમોલ વારસો, મૂલ્યવાન સંપતિઓ, બેનમૂન સ્થાપત્યોો પણ જીર્ણ થતાં ગયા. ધીમેધીમે તો આ આંધળી દોટ, એટલી ઝડપી બની કે માણસ જાણે કે ગામડાં તરફ, પોતના વતન તરફ, પોતાના પાયા તરફ જ જાણે કે સૂગની નજરથી જોવા લાગ્યો. પરિણામે આપણી મૂળ સંસ્કૃતિ ઉપર આપણી સમાજ વ્યવસ્થા ઉપર જ જાણે કે વજઘાત થયો.એ ગામના પાદર, ડેલીઓ, (ખડકીઓ) ઓટા, ચોરા, ખેતરો, કેડીઓ, ફળિયાં અને શેઢાઓ સૂના થયાં. તો ઝાલર, નગારાં, શંખના ધમધમતા નહિ જાણે કે ઝાંખા થયા. સદાય મહેકતા અને ચહેકતા ફૂલતાં હાલતાં ગામડાઓ ફેરવાતાં ગયા છે. તો તેની સાથે જોડાયેલી, મઢાયેલી, વણાયેલી, ગુંથાયેલી અને એકરૂપ થઈ ગયેલી કેટકેટલી બાબતો, ઘટનાઓ, સ્મૃતિઓ અને સંભારણાઓ પણ કાળની થપાટ લાગી હોય તેમ જમીન દોસ્ત થતાં ગયાં આધુનિકરણ અંચળો ઓઢવો નથી. લાગતું કે સરવાળે તો આપણને ઘણો મોંઘો પડી રહ્યો હોય ? શુધ્ધતા, સાત્વિકતા, સૌમ્યતા, સહનશીલતા અને સરળતા શાતા ગુમાવીને આપણે આ ભૂલની મોટી કિંમત ચૂકવવી પડી છે. કદાચ લોહી ગરમ છે, ત્યાં સુધી આ બાબત ગળે પણ ન ઉતરે કે વાહિયાત પણ લાગે. પણ કયારેક શાંતિથી જો વિચારીએ તો આ વાત પણ ઘણી વિચારવા જેવી જ છે.આને ગામડાંઓને સાંચવીને બેઠેલા વૃધ્ધો, વડીલોને જોઈને આ વ્યથા વધારે કોરીખાય છે. પણ સૌ એમ જ માને છે કે આ તો સમયો દોર છે. ત્યારે....

'એ પણ યાદ રાખવું કે નજર આકાશ સામે છે, પણ મૂળ છુટી રહ્યાં છે !'

---

# શું છે આ સીડબોલ, સીડબોલ કેવી રીતે બનાવી શકાય



સીડબોલ બનાવવા માટેની શરૂઆત નેચરલ ફાર્મિગ શરૂ કરનાર જાપાની પર્યાવરણપ્રેમી Masanobu Fukuoka એ કરી હતી. ઈજિપ્તમાં નાઈલ નદીમાં પૂર આવવાના કારણે થયેલ નુકશાન બાદ ફરીથી ઝાડ વાવવા માટે પણ આ જ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. અત્યારે આપણા દેશમાં પણ ઘણા પર્યાવરણ પ્રેમીઓ આ પધ્ધતિનો ઉપયોગ કરી રહ્યા છે. સીડબોલ નામ તો તો તમે સાંભળ્યું જ હશે, તેના ઉપયોગ વિશે પણ ઘણા લોકો જાણતા હશે. પરંતુ તેને ઘરે કેવી રીતે બનાવી શકાય, એ વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. સીડબોલ અર્થબોલ તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ પ્રકારનાં બીજનો ફળદ્રુપ માટીમાં વિટીને દડા બનાવવામાં આવે છે.

સતત ઘટી રહેલ હરિયાળીના કારણે આખી પૃથ્વી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. અને તેનું સમાધાન લાવવાનો અકમાત્ર રસ્તો વૃક્ષોરોપણ જ છે. વૃક્ષોથી હવામાં ઓકિસજનનું પ્રમાણ તો વધે જ છે. સાથે–સાથ વૃક્ષો વરસાદ પણ ખેંચી લાવે છે. અને વાતાવરણમાંથી ગરમી ઘટાડવામાં પણ મહત્વનો રોલ અદા કરે છે. પરંતુ દરેક જગ્યાએ રોપા વાવવા જવું શકય નથી બનતું ત્યાં સીડબોલ ખૂબજ ઉપયોગી નીવડે છે. સરળતાથી ઊગી નીકળતાં દેશી કુળનાં ઝાડ–છોડનાં બીજમાંથી સીડબોલ બનાવી ખુલ્લી જગ્યાઓ પર ચોમાસા દરમિયાન નાખવામાં આવે તો, તેના પર વરસાદ પડતાં તેમાંથી અંકુર ફુટી નીકળેછે. અને ઝાડ–છોડ ઊગી નીકળે છે. ચોમાસા દરમિયાન આ સીડબોલ નાખવાથી ત્યાં નિયમિત પાણી પાવા જવાની પણ જરૂર નથી. પડતી, વરસાદના પાણીથી જ તેનો વિકાસ થઈ જાય છે. તો પછી તમે કોની રાહ જુઓ છો, વરસાદની શરૂઆત થઈ છે. તો સીડબોલ બનાવી તમે પણ વિવિધ જગ્યાએ તેને નાખો અને બાળકો પાસે પણ બનાવો, જેથી તેઓ પણ અત્યારથી પ્રકૃતિની નજીક આવે. સીડબોલ બનાવવા માટે સૌપ્રથમ આસોપાલવ, અરીઠા, ઉમેરો, ખીજડો, ખાખરો, જાંબુ, ગોરસ આમલી, ગરમાળો, ગુંદી, ગુંદો, ચણીબોર, પુત્રંજીવા, પીલુડી, ફાલસા, બોરસલી, બીલી, બોર, રામબાવળ, રાયણ, વડ, શીણવી, કડવો લીમડો, સીતાફળ, તુલસી વગેરેમાંથી જેનાં પણ બીજ મળી શેક તેનાં બીજ ભેગાં કરો. ત્યારબાદ ખેતરની માટી લાવો અને તેના પર થોડું પાણી છાંટી ભીની કરો. જો તમારી પાસે છાણીયું ખાતર કે કંપોસ્ટ ખાતર હોય તો તેને પણ આ માટીમાં મિકસ કરી શકાય છે. આ દરમિયાન તમે ભેગાં કરેલ બધાં જ બીજને અલગ–અલગ તારવી દો. હવે નાના બોલ જેટલી માટી હાથમાં લો અને માટીની વચ્ચે ૨–૩ બીજ રાખી બોલ વાળીને તેને સૂકવવા મૂકી દો. આ રીતે બધા જ બોલ તૈયાર કરી દો. તૈયાર છે સીડબોલ.હવે જયારે પણ તમે બહાર નાકળો ત્યારે રસ્તાનો આસપાસ ઝાડી–ઝાંખરમાં ગૌશાળાની આસપાસ, શાળાના મેદાનની કિનારી પર જેવી સુરક્ષિત જગ્યાઓએ આ સીડબોલ નાખો. તેના પર વરસાદનું પાણી પડતાં જ બે–ત્રણ દિવસોમાં તેમાંથી અંકુર ફુટી નીકળીશે. એવું બની શકે કે, બધાં બીજ ન પણ ઊગે, પરંતુ તેમાંથી ૩૦–૪૦ ટકા બીજમાંથી પણ ઝાડ–છોડ ઊગી હરિયાળી થશે.

**– મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

---

# આતંકવાદ:પ્રેમ માનવતાનું દુશ્મન

આજના સમયમાં જયારે ટેકનોલોજી નો વિકાસ થયો ત્યારે એવું હતું કે વિજ્ઞાનના ઉપયોગથી કે માનવીની શિક્ષણ પદ્ધતિ વધી એટલે કદાચ માણસ સમજતો અને બુદ્ધિથી થોડો આગળ વધશે પરંતુ કટ્ટરતાવાદી વિચારધારા કે આતંકવાદી વિચારધારા એ માનવતાને મારવાનું કૃત્ય છે. આપણા કશ્મીરના પહેલગામમાં થયેલી એ આતંકવાદી ઘટના કે જેમાં આપણા નિર્દોષ લોકોને મારી નાખવાનું જે દુષ્કૃત્ય થયું છે તે ખરેખર કાયરતાનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે. કારણ કે જયારે પણ માણસની અંદર માનવતા મળે છે કોઈકની પ્રત્યેની લાગણીઓ મળે છે અને જયારે કોઈના પ્રત્યેનો દૂર ભાવ જન્મે છે. ત્યારે કેવા પરિણામો આવે છે એનું ઉદાહરણ આ પહેલગામની ઘટના છે.

આપણે જયારે એકત્વની વાતો કરીએ ત્યારે આતંકવાદ સામે આપણા સૌ એક થવાની જરૂર છે. કેટલા એવા આતંકવાદીઓ હશે કે જે સીમા પાર પણ છે અને સીમાની અંદર પણ છે તો એની સામે માણસે સમજી અને સતર્ક રહેવું જરૂરી છે. પણ મૂળ તો આપણે માણસો છીએ ભૂલી જશો થોડા દિવસ કેન્ડલ માર્ચ, મૌન રેલી થશે પરંતુ જયારે એના પર કડક કાર્યવાહી થશે ત્યારે ચોક્કસ આ દીવંગતો આત્માને શાંતિ મળશે. આતંકવાદને નાથવા માટે એકતા રાખી આપણે સૌએ એમની સામે લડવાની જરૂર છે જણાય તો આપણા સૌ

**લેખક. નિકુંજ પંડિત**

---

# ગાયનું છાણ બની શકે છે, આજીવિકાનું સાધન



ખૂબ જ સામાન્ય અને કોઈ પણ જાતની કિંમત ચૂકવ્યા વિના સહેલાથી મળી રહેતા ગાયના છાણામાંથી વિવિધ વસ્તુઓ બનાવી સારી એવી આવક ઊભી થઈ શકે છે. ગામડા અને શહેરોમાં કોઈ પણ જગ્યાએ છાણામાંથી ટાઈલ્સ બનાવી તેનો ઉધોગ શરૂ કરી શકાય છે. સામાન્ય રીતે ગામડાઓમાં ખેડુતોનાં ઘરમાં ગાયના છાણાનો ઉપયોગ અનેક રીતે કરતા જોવા મળે છે. લોકો ચુલ્લા અને ઘરને લીપવા માટે પણ તેનો ઉપયોગ કરે છે. પરંતુ તેમાંથી ટાઈલ્સ બનાવી સારી એવી આવક રોજગાર પણ મેળવી શકાય છે. રસાયણો અને પ્રદૂષણમૂકત હોવાથી સાથે સાથે તેનો બીજો ફાયદો એ છે કે, ખૂબ જ ઓછા ખર્ચ સાથે આ વ્યવસાય શરૂ કરી શકાય છે. આ ઉપરાંત છાણામાંથી મૂર્તિ, કલાકૃર્તિ, ચપ્પલ, મોબાઈલ કવર, ચાવી રિંગ જેવી અન્ય વસ્તુઓ પણ બનાવી શકાયછે. ગાયનાં છાણામાંથી ટાઈલ્સ બનાવવા માટે છાણાને બે દિવસ સુધી તડકામાં સૂકવી અને અલગ અલગ આકારમાં ઢાળવામાં આવે છે. આ ટાઈલ્સ બનાવવામાં માટે જરૂરી સામગ્રી ઠંડક પ્રધાન હોવાથી ઘરમાં લગાવવાથી ગરમીના દિવસોમાં તાપમાન ૬ થી ૮ સેલ્સિયસ બહારનાં તાપમાન કરતા ઓછું થઈ જાયછે. આ ટાઈલ્સ પર ખુલ્લા પગે ચાલવાથી ઠંડક મળે છે અને શરીરને અનુરૂપ તાપમાન પણ મળે છે. એક ફૂટ એરિયામાં જોઈતી ટાઈલ્સની કિંમત ૧૫ થી ૨૦ રૂપિયા હોય છે. ગોબર ટાઈલ્સ માનવશરીર માટે અત્યંત ફાયદાકારક માનવામાં આવે છે. તેને ઘરમાં લગાવવાથી પ્રદૂષણમુકત હવા મેળવી શકાય છે. ઉનાળાની મૌસમમાં ખુલ્લા પગે તેના પર ચાલવાથી શરીરને અનુકૂળ તાપમાન મળી રહે છે. જેને કારણે વીજળીને પણ બચત થાયછે. શહેરમાં વસવાટ કરીને પણ ગામમાં રહેવા જેવી અનુભૂતિ તેના થકી શકય છે. દેશી ગાયની પ્રજાતિનું સંરક્ષણ કરવા માટે આ પ્રકારનો વ્યવસાય શ્રેષ્ઠ છે. જેને શરૂ કરવા માટે આશરે ૫૦ હજાર કે ૧ લાખ રૂપિયા સુધીનો ખર્ચ આવેછે. કારખાનું સ્થાપવા માટે જો આપની પાસે જગ્યા ના હોય તો જગ્યા લેવાની રહે છે અને ઓર્ડર મુજબ લોકોની માગણી પ્રમાણે બનાવી ઉદ્યોગ શરૂ કરી શકાયછે. ખૂબ નજીવા એવા ખર્ચ સાથે અને ઓછા સમયમાં આવક મેળવી શકાય છે. આ કાર્યથી ગામડાઓમાં રહેતા ખેડુતોને પર આજીવિકા મળી રહે છે. ધંધાદારી વ્યકિત અગર પુરતા માર્કેટિંગ સાથે પોતાનો વ્યવસાય ચલાવી શકે તો ગાયના છાણા–ગોબરમાંથી ફકત એક વર્ષની અંદર જ લાખોપતિ બનવું સભવ છે.

**– મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી લાયન્સ (સિટી) કલબ દ્વારા સા.કુંડલા ખાતે નેત્રનિદાન કેમ્પ યોજાયો









લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી સદ્દગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ – સાવરકુંડલા, શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ ભુરખીયાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈના આર્થિક સહયોગથી ૧૨૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ કબીર ટેકરી સાવરકુંડલા મુકામે તા. ૨૪/૦૪/૨૦૨૫ને ગુરૂવારે સવારે ૯:૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય શ્રી સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંતશ્રી નારાયણ સાહેબ અને ટ્રસ્ટી અરવિંદભાઈ વેલજીભાઈ કટારીયા દ્વારા કરવામાં આવેલ અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને શુભેચ્છાઓ પાઠવી હતી અને વધુમાં વધુ દર્દીઓને લાભ લેવા અપીલ કરી હતી. આ કેમ્પમાં વડલી મંદિરના મહંતશ્રી રાજેશ્વરાનંદ સ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા, ત્રાંસી, આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવનાર છે. આ ઉપરાંત નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૩૪ દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ છે. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુર ના નંબરની તપાસ કરવામાં આવેલ તેમજ કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે ૧૬ વ્યક્તિઓને રાહત ભાવે ચશ્મા બનાવી આપેલ હતા. હવેથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ચોથા ગુરૂવારે કબીર ટેકરી સાવરકુંડલામાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થનાર છે. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી, સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. પ્રકાશભાઈ ચાવડા, નિલેશભાઈ ભીલ, અતુલભાઈ દવે, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ વિશાલભાઈ વ્યાસ, દીપકભાઈ કે. જોશી, ધરમશીભાઈ રતનશીભાઈ કટારીયા, મોહનલાલ નરશીભાઈ કટારીયા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ ઉપપ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## કુવામાં પડી જતા બાળકનુંમોત

અરસામાં પતિ ચંદુભાઈ તેમનાં પત્ની વનિતાબેન તથા તેમનાં ગામના પ્રવિણભાઈ તથા દિકરો વિશાલ એ રીતના વાડીમાં રહેતા કુવા પાસે આંબાના ઝાડ નીચે બેઠા હતા અને ત્યારે પોતાની પત્નીને કહેલ કે તું મારા કપડા લઈ આવ હું અહીં મોટર ચાલુ કરી નાહી લઉ તેમ કહેતા પત્ની ત્યાંથી પોતાના ઝુંપડે જવા નીકળેલ. તેવામાં ચંદુભાઈ પોતાના પુત્ર વિશાલને તેડીને મોટર ચાલુ કરવા જાઉં છું તેમ કહીં કુવામાં કુદી પડયા હતા. ત્યારે આ બનાવ સમયે ત્યાં હાજર લોકોએ બચાવ કામગીરી કરતા આ કામના આરોપી પિતા બચી ગયેલ હતા. પરંતુ તેમના પુત્રનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજતા મૃતકની માતાએ પોતાના પતિ સામે દોઢ વર્ષના પુત્રનું મોત નિપજાવ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 015

સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ સ્ટુડન્ટસ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.

* ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
* આર્ટસ – મનોવિજ્ઞાન રાજયશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
* સાયંસ - A & B ગ્રુપ - JEE-NEET-GUJCET-સરકારી સહાય Expert ક્લાસ
* ધો.૧૦ A1-A2ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો.૧૨ A1-A2ને ધો.૧૧–૧૨ ફી શરતી પરત
* સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ – 1997 થી કાર્યરત


પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયા મોટામાં શ્રી પરશુરામ જયંતીની

સાંજના ૬:૩૦ કલાકે ગાયત્રી મંદીર લીલીયા મુકામે પરશુરામ દાદાની આરતી કરવામાં આવશે. (૨) ત્યારબાદ સાંજના ૭:૦૦ કલાકે ‘‘ પહલગામ આંતકી હુમલાના’’ શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે તેમ બ્રહ્મ સમાજ પ્રમુખ દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાંથી આજે ૫૦ સીનિયર સિટીઝનોનો

કરાવશે. આ પ્રસંગે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા તથા નાગરિક બેંક અને અમરેલી માર્કેટ યાર્ડના ચેરમેન પી.પી. સોજીત્રા વિશેષ ઉપસ્થિત રહેશે.

ત્રણ દિવસ ચાલનારી આ યાત્રામાં વડીલોને તુલસીશ્યામ, દ્રોણેશ્વર મહાદેવ, પ્રાચી, સોમનાથ મંદિર, ત્રિવેણી સંગમ, ભાલકા તીર્થ, પોરબંર ખાતે મહાત્મા ગાંધીજીના જન્મ સ્થાન કિર્તિ મંદીર, સુદામાં તીર્થ તથા સાંદીપની આશ્રમ, હર્ષદ માતા મંદિર તીર્થ, દ્વારકા ખાતે દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા અને વીરપુર જલારામ બાપાની જગ્યાનો પ્રવાસ કરાવવામાં આવશે.

આ યાત્રાના આયોજનમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવીણભાઈ લહેરી, કડવા પટેલ સમાજ અગ્રણી વજુભાઈ ગોલ, તુલશીશ્યામ ટ્રસ્ટના ગૌતમભાઈ વરૂ, રાજુલાના મનુભાઈ ધાખડા, વંદનીય ભાગવત કથાકાર પૂ. રમેશભાઈ ઓઝા, રીટાયર્ડ સેશન્સ જજ એ.ડી. મોગલ, મહિલા ઉદ્યોગ કેન્દ્રના વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, દ્વારકાના ડીવાયએસપી સાગરભાઈ રાઠોડ, દ્વારકાના ભાજપ અગ્રણી નિર્મલભાઈ સામાણી તથા રાજુભાઈ સરસીયાનું માર્ગદર્શન અને સહકાર મળેલ છે.

આ પ્રવાસ માટે સંસ્થાને લોહાણા બોર્ડીંગ ટ્રસ્ટના પ્રફુલ્લભાઈ બાટવીયા તરફથી રૂા. ૧૧,૦૦૦, ઓકસફર્ડ સ્કૂલના મયુરભાઈ ગજેરા તરફથી રૂા. ૧૦,૦૦૦ અને અગ્રણી વેપારી હરેશભાઈ સાદરાણી તરફથી રૂા. ૫૦૦૦નું આર્થિક અનુદાન પ્રાપ્ત થયું છે.

યાત્રામાં અનુકંપા ફાઉન્ડેશન વતી શ્રવણ પ્રસાદ કેન્દ્રના ભીખુભાઈ અગ્રાવત, નયનભાઈ જોષી (બેદી) તથા કે.કે. મિશ્રા (માસ્તર) યાત્રામાં વડીલોની સારસંભાળ માટે અને વ્યવસ્થા માટે સાથે પ્રવાસ કરનાર છે.

ફાઉન્ડેશનનો બીજો પ્રવાસ મે–મહિનામાં યોજાશે. આ યાત્રાને ગુજરાત સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડની શ્રવણ તીર્થ દર્શન યોજના અંતર્ગત આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી** સ્વ. સોની અતુલભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયા તા. ૨૫/૪/૨૫ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સ્વ. રમેશભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયાના નાનાભાઈ અને જગદીશભાઈ પ્રાણલાલ ઝીંઝુવાડિયાના મોટાભાઈ તેમજ અક્ષયના પિતાશ્રી શ્રીજી ચરણ પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૮/૪/૨૫ને સોમવારે ૪થી ૬ સોની જ્ઞાતિની વાડી ગર્લ્સ સ્કૂલ પાસે અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૮ | ૧૦૨૧ |
| ૨ | શીંગ ૬૬ નંબર | ૯૫૦ | ૧૦૧૨ |
| ૩ | શીંગ મોટી | ૭૦૦ | ૧૦૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૬ | ૧૩૪૩ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૫૦ | ૫૩૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૭૨૧ | ૨૨૨૦ |
| ૮ | બાજરો | ૪૩૦ | ૫૪૩ |
| ૯ | જુવાર | ૭૩૧ | ૭૩૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૩૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૨૦ | ૫૩૨ |
| ૧૨ | મકાઈ | ૩૯૦ | ૪૪૫ |
| ૧૩ | ચણા | ૭૫૦ | ૧૦૭૯ |
| ૧૪ | ચણા દેશી | ૯૦૦ | ૧૧૦૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૧૯૬ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૩૨૬ |
| ૧૭ | કપાસ | ૭૯૫ | ૧૫૫૬ |
| ૧૮ | એરંડા | ૮૦૦ | ૧૧૭૫ |
| ૧૯ | જીરૂ | ૨૬૦૦ | ૪૨૧૦ |
| ૨૦ | રાયડો | ૯૪૫ | ૯૯૦ |
| ૨૧ | રાય | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૨૨ | ધાણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૨૩ | ધાણી | ૧૧૫૦ | ૧૭૪૦ |
| ૨૪ | અજમા | ૧૦૦૦ | ૧૮૯૦ |
| ૨૫ | મેથી | ૭૦૦ | ૯૧૫ |
| ૨૬ | સોયાબીન | ૭૯૯ | ૮૦૮ |
| ૨૭ | મરચા લાંબા | ૨૧૦ | ૧૨૧૦ |
| ૨૮ | દેશી મરચા | ૨૩૦ | ૧૯૫૦ |
| ૨૯ | કાંગ | ૩૦૦ | ૫૪૮ |
| ૩૦ | સુવાદાણા | ૧૨૫૦ | ૧૩૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૧ | ૧૦૦૭ |
| ૨ | તલ કાળા | ૪૩૨૦ | ૪૩૨૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ૪ | બાજરો | ૪૩૦ | ૫૫૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૮૦૦ |
| ૭ | અડદ | ૮૦૧ | ૧૧૦૦ |
| ૮ | ચણા | ૧૦૧૦ | ૧૦૭૧ |
| ૯ | સોયાબીન | ૬૭૦ | ૬૭૦ |
| ૧૦ | વાલ | ૯૦૦ | ૯૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૧૦ | ૧૦૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૯૫૪ |
| ૨ | શીંગ મોટી | ૯૪૧ | ૧૦૧૯ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૮૨૦ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૩૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૭ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૪૭૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૭૭૧ |
| ૧૦ | અડદ | – | ૧૩૬૫ |
| ૧૧ | ચણા | ૧૦૬૨ | ૧૦૮૫ |
| ૧૨ | દેશી ચણા | ૧૦૭૦ | ૧૨૩૭ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૩૨૨ |
| ૧૪ | એરંડી | ૧૧૧૦ | ૧૧૭૦ |
| ૧૫ | મેથી | – | ૯૧૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૧૪૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૦૫ |
| ૪ | જીરૂ | ૩૯૯૦ | ૪૨૩૦ |
| ૫ | ઘઉં | ૪૫૮ | ૫૩૨ |
| ૬ | ધાણા | ૧૨૭૦ | ૧૪૮૦ |
| ૭ | ચણા | ૧૦૫૬ | ૧૦૮૪ |
| ૮ | તુવેર | ૧૧૪૦ | ૧૩૭૦ |
| ૯ | મેથી | ૯૬૦ | ૧૦૧૦ |
| ૧૦ | એરંડા | ૧૦૨૫ | ૧૧૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૩૪ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૮૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૭૨ |
| ૪ | ચણા | ૬૭૦ | ૧૦૭૦ |
| ૫ | મગ | ૮૪૦ | ૮૪૦ |
| ૬ | ધાણા | ૯૩૫ | ૧૩૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | મગફળી | ૮૩૦ | ૯૦૦ |
| ૯ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૫૧ |
| ૧૦ | તુવેર | ૮૦૦ | ૧૩૨૬ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૨ | સોયાબીન | ૬૭૨ | ૮૦૦ |
| ૧૩ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૧૪ | એરંડા | ૧૧૦૦ | ૧૧૩૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૫૧૩ |
| ૨ | ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૩ | જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૯૩૦ | ૯૩૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૪ |
| ૪ | ચણા | ૯૯૯ | ૧૦૭૦ |
| ૫ | સફેદ ચણા | ૧૨૧૦ | ૧૪૨૦ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૭ | એરંડા | ૯૧૫ | ૧૧૬૩ |
| ૮ | તલ | ૧૭૫૫ | ૧૭૫૫ |
| ૯ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૧૦ | મેથી | ૮૦૦ | ૯૧૧ |
| ૧૧ | રાઈ | ૧૧૧૦ | ૧૧૧૦ |

# અમરેલી : શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે વિશ્વ પુસ્તક દિવસની અનોખી રીતે ઉજવણી









અમરેલી તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૫ને બુધવારના રોજ શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સ્ટાફ ધ્વારા વિશ્વ પુસ્તક દિવસની ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતી વંદના ધ્વારા કરવામાં આવી. ત્યારબાદ આ કાર્યકમમાં ઉપસ્થિત મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને તમામ વિભાગના સુપરવાઈઝરઓ, પ્રિન્સિપાલઓ ધ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક વિભાગ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકિસલન્સના સંયુકત ઉપક્રમે વિશ્વ પુસ્તક દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં વિશ્વના અને અમરેલી જિલ્લાના મહાન કવિ, લેખક વગેરેને આ પ્રસંગે યાદ કરાયા. તમામ વિભાગમાંથી બે શિક્ષકઓની ચિઠી ધ્વારા પસંદગી કરવામાં આવી અને તેઓ પોતે વાંચેલા પુસ્તકના પ્રારંભ પ્રસંગને અનુરૂપ ઉત્સાહિત કરે અને શ્રોતાઓને વાંચવા પ્રેરે તેવું પાંચ મીનીટ વકતવ્ય સમીક્ષા કરવામાં આવ્યું. વકતવ્ય આપનાર તમામ શિક્ષક મિત્રોને શાળા તરફથી ભેટ સ્વરૂપે ‘‘ વાંચન’’ શીર્ષક ધરાવતું સુંદર પુસ્તક ભેટ આપી. સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ધ્વારા વાંચનનું જીવનમાં મહત્વ વિષય પર પ્રેરણાત્મક વકતવ્ય આપવામાં આવ્યું હતું. વ્યવસ્થા સંસ્થાની લાયબ્રેરી વિભાગ તરફથી કરવામાં આવેલ હતી. આ કાર્યકમમાં ખાસ ઉપસ્થિત મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ આ પ્રસંગને સફળ બનાવવા સ્ટાફ ધ્વારા જહેમત ઉઠાવેલ તે બદલ પ્રમુખ વસંતભાઈ ગજેરા ધ્વારા તમામ સ્ટાફને શુભેચ્છા પાઠવી હતી.

# સાવરકુંડલા ખાતે આર.એસ.એસનું વિશાળ પથ સંચલન યોજાયુ



સાવરકુંડલા નગર અને તાલુકા તથા સાવરકુંડલા જીલ્લામાં સમાવેશ થતા નગરો અને તાલુકાના વિવિધ ગામોમાંથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના શતાબ્દી સંગમ નિમિતે આજે તારીખ ૨૬/૪/૨૫ને શનિવારે સાંજે ૪:૩૦ પથ સંચાલનનો પ્રારંભ થઈ સાવરકુંડલા શહેરના મુખ્યમાર્ગો હાથસણી રોડ, આંખની હોસ્પિટલ, શોરા વાડી, મેલડી ચોક, જયશ્રી ટોકીઝ, દેવળા ગેટ, ગાંધીચોક, મેઈન બજાર, નદી બજાર, રિદ્ધિ સિદ્ધિનાથ મંદિર ચોક, મણીભાઈ ચોક રાઉન્ડ, મોટી ગૌશાળા, કાપેલ ધાર, મહાકાળી ચોક, ખોડીયાર ચોક થઈને હાથસણી રોડ પર પસાર થયેલ. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આ વિશાળ પથ સંચલનના સમય દરમિયાન મુખ્ય રસ્તાઓ પર ચુનાથી ચિરોડીથી, કલરથી, રંગોથી રસ્તા પર રંગોળી કરીને પણ પથ સંચલનનું સ્વાગત કરવામાં આવી તેમજ ભગવા ધ્વજનું સાવરકુંડલાના શહેરીજનો ફુલ, ચોખા, અબીલ ગુલાલ દ્વારા સ્વાગત કરીને પૂર્ણ સન્માન સાથે પ્રણામ કરતાં જોવા મળેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાવરકુંડલા નગર અને તાલુકા દ્વારા શતાબ્દી સંગમ કાર્યક્રમ પ્રસંગે દરેક સમય અને કાળ પ્રમાણે રાષ્ટ્ર ઉત્થાન માટે અનેક મહાપુરુષોએ પોતાનું યોગદાન આપેલ છે. આપણે પણ ઉત્તમ અને પરમવૈભવસંપન્ન રાષ્ટ્ર માટેના વિચારો સાથે આગળ વધીએ અને રાષ્ટ્ર તથા વિશ્વ બંધુત્વની ભાવનાને વધુ મજબૂત કરીએ આવા વિચારો સાથે એક કાર્યક્રમનું આયોજન આંખની હોસ્પિટલના વિશાળ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ જેમાં બહોળી સંખ્યામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયં સેવકોની ઉપસ્થિતિ જોવા મળી.

### સુરક્ષા એજન્સીઓ એલર્ટ

## પહલગામ બાદ ફરી થઈ શકે છે મોટો આતંકી હુમલો

### આતંકવાદીઓ ભીડભાડવાળા વિસ્તારોને ટાર્ગેટ બનાવી શકે છે, તો નોન લોકલ લોકો પર હુમલો કરી શકે છે

જમ્મુ, તા.૨૬

પહલગામ આતંકી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં ફરીથી મોટો હુમલો થઈ શકે છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા મોટું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સુરક્ષા દળો તરફથી આ જાણકારી મળી રહી છે કે પાકિસ્તાની આતંકવાદીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપી શકે છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, આતંકવાદીઓ ભીડભાડવાળા વિસ્તારોને ટાર્ગેટ બનાવી શકે છે, તો નોન લોકલ લોકો પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં જવાનોને એલર્ટ રાખવવામાં આવ્યા છે.

જમ્મુ-શ્રીનગર હાઈવે પર જવાનોને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ રેખા પર પણ હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સાથે જ પર્યટક સ્થળોએ જવાનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ આતંકીઓને પકડવા માટે સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં મોટું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

પહલગામ આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે કેન્દ્ર સરકારે ઘણા મોટા અને કઠિન નિર્ણયો લીધા છે, જેમાં ભારતમાં હાજર પાકિસ્તાની નાગરિકોને બહાર કાઢવા અને નવા વિઝા ન આપવાનો સમાવેશ થાય છે. આ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજ્યના મુખ્યમંત્રીઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ શોધી-શોધીને પાકિસ્તાનીઓને ઘરભેગા કરે. ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોના તમામ વિઝા રદ કરી દીધા છે, જે ૨૭ એપ્રિલથી અમલમાં આવશે. મેડિકલ વિઝા ફક્ત ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. કોઈ નવા વિઝા જારી કરવામાં આવશે નહીં.

ભારત સરકાર દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાન સુધરવાનું નામ જ નથી લઈ રહ્યું. પાકિસ્તાની સુરક્ષા દળોએ ૨૫ અને ૨૬ તારીખની રાત્રે ફરીથી યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને ફાયરિંગ કર્યું. જોકે, ભારતીય સેનાએ ર્ઝ પર પાકિસ્તાનીઓને એવો જવાબ આપ્યો કે બધા મીંદડી થઈને પોતા-પોતાની બિલમાં છુપાઈ ગયા.

### ગંભીર આડઅસર થતાં સરકારે લગાવ્યો પ્રતિબંધ

## ૪ વર્ષથી નાના બાળકોને આ કફ સિરપ આપતા ચેતજો

### સરકારે ક્લોરફેનિરામાઇન મેલીએટ અને ફેનીલેફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડના મિશ્રણવાળી તમામ દવાઓના વેચાણ, નિર્માણ અને વિતરણને બેન કર્યું છે

નવી દિલ્હી, તા. ૨૬

ભારત સરકારે તાજેતરમાં જ એક મોટો નિર્ણય લેતા ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે અમુક કફ સિરપના ઉપયોગ પર રોક લગાવી દીધી છે. સરકારે દવા નિર્માતાઓને નિર્દેશ આપ્યો છે એક તે આ સિરપનું પેકિંગ, લેબલ પર સ્પષ્ટ રૂપે ચેતવણી લખે કે આ દવા ચાર વર્ષથી નાના બાળકોને ન આપવામાં આવે. બાળકોની સલામતી માટે આ દવાઓનો ઉપયોગ ન કરવાની સૂચના આપી દેવામાં આવી છે. આ નિર્ણય ૧૫ એપ્રિલે જારી અધિસૂચના હેઠળ લેવામાં આવ્યો છે. સરકારે ખાસ કરીને ક્લોરફેનિરામાઈન મેલીએટ અને ફેનીલેફ્રાઈન હાઈડ્રોક્લોરાઈડના મિશ્રણવાળી તમામ દવાઓના વેચાણ, નિર્માણ અને વિતરણને બેન કર્યું છે.આ કફ સિરપ ફિક્સ ડોઝ કોમ્બિનેશનથી બનાવવામાં આવતી હોવાથી તેને એફડીસી મેડિસિન તરીકે પણ ઓળખાવવામાં આવે છે. બાળકોની દવાઓના નિષ્ણાતોની સમિતીએ કરેલી ભલામણ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ દવાઓની બાળકોના આરોગ્ય પર ગંભીર આડઅસર થતી હોવાથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ તેનો ઉપયોગ અટકાવવા અગાઉ સૂચના આપી હતી. દિલ્હીની કોર્ટે ૨૪મી એપ્રિલે એટલે કે ગઈકાલે આપેલા ચૂકાદામાં જણાવ્યું છે કે પંદરમી એપ્રિલ પહેલાના સ્ટોક માટે આ નિયમ લાગુ પડશે નહિ તેવું દિલ્હી હાઈકોર્ટે આ સંદર્ભમાં આપેલા ચૂકાદામાં જણાવ્યું છે. આ દવાઓમાં ગ્લેનમાર્ક કંપનીની એસ્કોરિલ ફ્લુ ડ્રોપ, ગ્લેક્સોસ્મિથ ક્લાઈનની આઈ-મિનિક, ઝુવેન્ટસ હેલ્થકેરની મેક્સ્ટ્રાનો સમાવેશ થાય છે. આ મેન્યુફેક્ચરર્સે તેમની દવાની બોટલ પર ચાર વર્ષથી નીચેના બાળકોને આ દવાઓ આપવી નહિ તેવી ચેતવણી પણ લખવાની રહેશે. જોકે આ દવાઓનો ઉપયોગ અટકાવી દેવા માટેની સૂચનોનો પાછલી મુદતથી અમલ કરવાના સરકારના નિર્ણય સામે ગ્લેનમાર્ક અને ઝુવેન્ટાસ હેલ્થકેરે વાંધો ઊઠાવ્યો છે. આ દવાઓનું મેન્યુફેક્ચરિંગ કરતી કંપનીઓને દિલ્હી હાઈકોર્ટે સોગંદનામું કરીને ૧૫મી એપ્રિલ ૨૦૨૫ પહેલા તૈયાર કરેલા સ્ટોકની વિગતો આપી દેવાની દરેક કંપનીઓને સૂચના આપી દેવામાં આવી છે. બીજી તરફ ફાર્માસિસ્ટ અને અન્ય જાણકારોએ આ દવાના અત્યારે માર્કેટમાં પડેલા સ્ટોકનું શું કરવું તે અંગેની સ્પષ્ટતા કરી આપવા સરકારને જણાવ્યું છે. આ અંગે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા સમક્ષ પણ રજૂઆત કરવાની છૂટ કાયદે હેટળ મળેલી છે.

### સુનિલ ગાવસ્કરનું મોટું નિવેદન

## IPLના કારણે ભારતીય ક્રિકેટને મોટું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૨૬

IPL વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ છે. આ લીગમાં ખેલાડીઓ પર પૈસાનો વરસાદ થાય છે. ૧૪ વર્ષથી લઈને ૪૩ વર્ષના ક્રિકેટરો આ લીગમાં રમે છે અને કરોડો રૂપિયા કમાય છે. તમને જણાવી દઈએ કે IPL દ્વારા ઘણા ભારતીય ઘરેલૂ ખેલાડીઓને ઈન્ટરનેશનલ સ્ટાર્સ સાથે રમવા અને શીખવાની તક મળે છે. ખેલાડીઓને આપવામાં આવતો પગાર કરોડોમાં છે. આ જ કારણ છે કે IPLની ચમક દિવસ-રાત વધતી જઈ રહી છે. આવી સ્થિતિમાં હવે સુનિલ ગાવસ્કરે IPL અંગે એક મોટું નિવેદન આપતા કહ્યું કે, IPLના કારણે ભારતીય ક્રિકેટને મોટું નુકસાન થઈ રહ્યું છે.

ભારતના પૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કરે પોતાની કોલમમાં IPLની પ્રશંસા કરી, પરંતુ T20 ટુર્નામેન્ટ અને ભારતમાં સ્થાનિક ક્રિકેટ રમનારા ખેલાડીઓ માટેનું અંતર પણ જણાવ્યું. ગાવસ્કરનું માનવું છે કે IPLના ગ્લેમરને કારણે રણજી ટ્રોફી જેવી ટુર્નામેન્ટને અવગણવામાં આવી રહી છે, જે લાંબા ગાળે ભારતીય ક્રિકેટને નુકસાન પહોંચાડી શકે છે. તમને જણાવી દઈએ કે, ખેલાડીઓ IPLમાં સારું પ્રદર્શન કરે છે અને ભારતીય ટીમ માટે રમે છે પરંતુ રણજી ટ્રોફીમાં વર્ષો સુધી શાનદાર પ્રદર્શન કર્યા પછી પણ તેમને સરળતાથી સ્થાન નથી મળતું. ગાવસ્કરે પોતાની કોલમમાં લખ્યું કે, આ IPL એ ફરી એકવાર દેખાડી દીધુ છે કે એક પ્રદર્શન એક અજાણ્યા ખેલાડીને ઉચ્ચ સન્માનની દોડમાં લાવી શકે છે. આ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ, રણજી ટ્રોફીના પ્રદર્શનથી તદ્દન વિપરીત છે, જ્યાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓ ચર્ચામાં નથી આવતા. IPLની એક સારી સીઝન કોઈ ખેલાડીને એટલું આપે છે જેટલું તેને તેની આખી રણજી ટ્રોફી કારકિર્દી નથી આપી શકતી. ગાવસ્કરે પોતાની કોલમમાં લખ્યું કે, એવા ઘણા ઉદાહરણો છે જ્યારે એક મેચમાં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓ એક કે બે સીઝનમાં રમતમાંથી બહાર થઈ જાય છે, પરંતુ IPLની એક સીઝન ઘણીવાર તેમને રણજી ટ્રોફીની આખી કારકિર્દી કરતાં વધુ પૈસા આપે છે. જોકે, આ અસંતુલનનો શ્રેય IPLની જનતા વચ્ચે અપીલ અને તેના કારણે મોટા પાયે પ્રસારણ અને સ્પોન્સરશિપ અધિકારોને જાય છે, પરંતુ તે એ ખેલાડીઓને જરૂર નિરાશ કરે છે જેઓ IPL કરતા લગભગ ત્રણ ગણી વધુ ક્રિકેટ મેચ રમે છે.

ગાવસ્કરે પોતાની વાત આગળ વધારતા લખ્યું કે, આ ઘા પર મીઠું ભભરાવવા જેવું છે, જે લોકો આખી સીઝન ઘરેલુ ક્રિકેટ રમે છે તેઓ અનકેપ્ડ IPL ખેલાડીની સૌથી ઓછી બેઝ પ્રાઈઝ ૩૦ લાખ રૂપિયા પણ નથી કમાઈ શકતા. જો મુંબઈ જેવા અન્ય સંગઠનો રણજી ખેલાડીઓને BCCI દ્વારા આપવામાં આવતી ચૂકવણી સાથે મેળ ખાય છે, તો આ અસંતુલન ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

### ઘણા દેશોએ લગાવી પાકિસ્તાનને ફટકાર

## પહલગામમા થયેલા આતંકી હુમલાની ગુંજ UNમાં સંભળાઈ

### પહલગામ આતંકવાદી હુમલા બાદ રશિયા, ફ્રાન્સ, ચીન, અમેરિકા અને બ્રિટને પણ ભારતને ટેકો આપ્યો છે

વોશિંગ્ટન, તા.૨૬

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યોએ ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે. યુએનએસસીએ આ ઘટનામાં સામેલ આતંકવાદીઓ અને હુમલા પાછળના કાવતરાખોરોને જવાબદાર ઠેરવવા અને તેમને કડક સજા આપવા પર ભાર મૂક્યો છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ રશિયા, ફ્રાન્સ, ચીન, અમેરિકા અને બ્રિટને પણ ભારતને ટેકો આપ્યો છે અને પાકિસ્તાનનું નામ લીધા વિના તેને ઠપકો આપ્યો છે. યુએનએસસીએ કહ્યું કે આ ઘટનાને શક્ય તેટલી નિંદા મળવી જોઈએ. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના પણ વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તમને જણાવી દઈએ કે આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો હોસ્પિટલમાં દાખલ છે. આ ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે, ત્યારબાદ દેશ અને વિદેશમાં તેની નિંદા થઈ રહી છે.

સુરક્ષા પરિષદે પોતાના નિવેદનમાં કહ્યું કે આ હત્યાઓ માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા જોઈએ. આ સાથે, કાઉન્સિલે સંબંધિત અધિકારીઓ સાથે સક્રિય રીતે સહયોગ કરવાની વાત કરી. સુરક્ષા પરિષદના સભ્યોએ પુનરોચ્ચાર કર્યો કે આતંકવાદનું કોઈપણ કૃત્ય ગુનાહિત અને ગેરવાજબી છે, તેની પ્રેરણા ગમે તે હોય, ગમે ત્યાં, ગમે ત્યારે અને ગમે તે વ્યક્તિ દ્વારા કરવામાં આવે. તેમણે આવા જોખમોનો દરેક શક્ય રીતે સાથે મળીને સામનો કરવા અપીલ કરી. શુક્રવારે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટોર્મરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીતમાં આતંકવાદની નિંદા કરી, પહેલગામ હુમલાને "બર્બર" ગણાવ્યો અને કહ્યું કે આ દુઃખદ ઘડીમાં બ્રિટન ભારતની સાથે મજબૂત રીતે ઊભું છે. નેધરલેન્ડના વડા પ્રધાન ડિક સ્કૂફ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે પણ પીએમ મોદી સાથે ફોન પર વાત કરી અને તમામ પ્રકારના આતંકવાદ સામે લડવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

### કોંગ્રેસના મુખ્યમંત્રીએ પીએમ મોદીને અપીલ કરી

## પાકિસ્તાનના બે ભાગલા કરી નાખો, ભલે POK ભારતમાં આવી જાય

### પહલગામ આતંકી હુમલા વિરુદ્ધ હૈદરાબાદના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી

હૈદરાબાદ, તા. ૨૬

પહલગામ આતંકી હુમલા વિરુદ્ધ હૈદરાબાદના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. આ પ્રોટેસ્ટમાં હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી, કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ સહિત કેટલાય અન્ય મોટા લીડર્સ જોડાયા હતા. આતંકી હુમલા બાદની સ્થિતિના નિવારણ માટે કેન્દ્રને સમર્થન આપવાની વાત કરતા મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પાકિસ્તાન અને આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવાની વાત કહી છે. તેમણે કહ્યું કે, કડક એક્શન લેવી જોઈએ, ભલે તેનો મતલબ પીઓકેને ભારતમાં જોડવાનો હોય.

આતંકી હુમલાના વિરોધમાં કેન્ડલ માર્ચ રેલીનું નેતૃત્વ કરી રહેલા રેવંત રેડ્ડીએ કહ્યું કે, પહલગામ જેવી ઘટનાઓને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણાયક કાર્યવાહી કરવાની જરુર છે. તેમણે યાદ અપાવ્યું કે, પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ ૧૯૭૧માં બાંગ્લાદેશના નિર્માણને લઈને તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાઁધીની તુલના દેવી દુર્ગા સાથે કરી હતી. સીએમ રેડ્ડીએ કહ્યું કે, તમે (પીએમ મોદી) દુર્ગા માતાને યાદ રાખો, કાર્યવાહી કરો, પછી તે પાકિસ્તાન પર હુમલો કેમ ન હોય કે પછી બીજો કોઈ ઉપાય. આજે પાકિસ્તાન વિરુદ્ધ પગલા ઉઠાવવા જોઈએ. આ સમાધાન કરવાનો સમય નથી. જડબાતોડ જવાબ આપવો જોઈએ. આગળ વધો, અમે આપની સાથે છીએ. ૧૪૦ કરોડ ભારતીયો આપની સાથે છે.

રેડ્ડીએ કહ્યું કે, પાકિસ્તાનના બે ભાગલા કરી નાખવા જોઈએ. પીઓકે ભારતમાં ભેળવી દેવું જોઈએ. અમે આપની સાથે ઊભા છીએ. આપ દુર્ગા માતાના ભક્ત છો. ઈંદિરાજીને યાદ કરો. ઈંદિરા ગાધીની પ્રતિમા સામે બોલતા રેડ્ડીએ એવું પણ કહ્યું કે, તેલંગાણા સરકાર પહલગામ આતંકી હુમલાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

### ગુજરાત વહીવટી સુધારા આયોગની રચના

## ગુજરાતમાં સરકારી કચેરીઓ સવારે ૯.૩૦થી સાંજે ૫.૧૦ વાગ્યા સુધી શરૂ રાખવા ભલામણ

### જેનો ઉદ્દેશ્ય 'વિકસિત ગુજરાત-૨૦૪૭' ના રોડમેપ દ્વારા ગુજરાતને આગળ લઈ જવાનો છે

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વહીવટી સુધારા આયોગ (GARC) ની રચના કરી છે જેથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કામગીરીમાં જરૂરી ફેરફારો કરી શકાય, જેનો ઉદ્દેશ્ય 'વિકસિત ગુજરાત@2047' ના રોડમેપ દ્વારા ગુજરાતને આગળ લઈ જવાનો છે જેથી પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત@2047' ના વિઝનને સાકાર કરી શકાય.

ગુજરાત વહીવટી સુધારા પંચની રચનાની જાહેરાતના એક મહિનાની અંદર, પંચે રાજ્ય સરકારને ભલામણોનો પહેલો અહેવાલ સુપરત કર્યો હતો. GARC ના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાના માર્ગદર્શન હેઠળ આ પરંપરાને આગળ ધપાવતા, કમિશનના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ કમિશનની રચનાના બીજા મહિનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લગભગ ૧૦ ભલામણો સાથેનો બીજો અહેવાલ સુપરત કર્યો છે. જેમાં મુખ્યત્વે સરકારી કચેરી સવારે ૯.૩૦ કલાકથી શરૂ કરવા અને સાંજે ૫.૧૦ કલાક સુધી ચાલુ રાખવાની ભલામણ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપરત કરાયેલ GARC ભલામણોના આ બીજા અહેવાલમાં 'સરકાર તમારા દ્વારે' એટલે કે 'સરકાર આપકે દ્વાર' ના સૂત્રને ધ્યાનમાં રાખીને ૧૦ નાગરિક-કેન્દ્રિત ભલામણો સામેલ છે, જે મુખ્યત્વે ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને GARC દ્વારા સુપરત કરાયેલ આ બીજો અહેવાલ એવા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે નાગરિકો માટે જાહેર સેવાઓની ઉપલબ્ધતાને સરળ બનાવે છે. બધી સરકારી યોજનાઓનો ઉપયોગ કરવા માટે એક જ સાઈન-ઓન રાખવાની મુખ્ય ભલામણ 'તમારા નાગરિકને જાણો' ના વિચારને પ્રોત્સાહન આપે છે, સાથે સાથે નાગરિકોને દર વખતે એક જ માહિતી દાખલ ન કરવી પડે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ પણ કરે છે. આ અભિગમ ડિજિટલ માધ્યમ દ્વારા વિવિધ યોજનાઓ અને સેવાઓને ઍક્સેસ કરવામાં સરળ અનુભવ બનાવવાનો પણ એક પ્રયાસ છે. કમિશનના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ GARC ની ભલામણોનો બીજો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો, જેમાં આ બધા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ પ્રસંગે કમિશનના સભ્ય મુખ્ય સચિવ પંકજ જોશી અને સભ્ય સચિવ હરિત શુક્લા પણ હાજર રહ્યા હતા. GARCના ચેરમેન ડૉ. હસમુખ અઢિયાએ માહિતી આપી હતી કે GARCએ તેના પ્રથમ અહેવાલમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના કર્મયોગીઓ અને સામાન્ય જનતા પાસેથી વહીવટી સુધારા અંગે સૂચનો મંગાવવાની ભલામણ કરી હતી, કમિશનને અત્યાર સુધીમાં ૨૧૫૦ થી વધુ ભલામણો અને પ્રતિસાદ પ્રાપ્ત થયા છે.

# ચલાલા ખાતે શ્રી મહાપ્રભુજીનાં પ્રાગટ્ય મહોત્સવની આસ્થાભેર ઉજવણી



ચલાલા દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ અને સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા ચલાલા દ્વારકાધીશની હવેલીમા શ્રી મહાપ્રભુજીનો ૫૪૮ મો પ્રાગટય મહોત્સવનો ખુબ જ શ્રધ્ધા પુર્વક અને ધામધુમથી હજારો વૈષ્ણવજનની ઉપસ્થિતીમા ઉજવાયો હતો. દ્વારકાધીશ હવેલીમાં સવારે મંગળા દર્શન, પલના શૃંગાર ભિતર, સહીત નંદમહોતસવ, આરતી સહીતના દર્શનો ખુબ ભાવથી યોજાતા. હજારો વૈષ્ણવોએ અમુલ્ય અવસરનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ચલાલાના પરમ ભગવદી દિનેશભાઈ જીવાભાઈ મેશીયાના નિવાસસ્થાનેથી મહાપ્રભુજીની વરણાંગી વાજતે ગાજતે કિર્તનની રમઝટ સાથે શહેરના રસ્તા પર ફરી દ્વારકાધીશ હવેલીએ પધારેલ હતી. ત્યારબાદ પટેલવાડીમા ચલાલા સહીત આજુબાજુ ગામડા હજારો વૈષ્ણવજનોએ મહાભોજન પ્રસાદનો અમુલ્ય લાભ લીધો હતો. પટેલ વાડીમા સ્વયંસેવકો દ્વારા ભોજન પ્રસાદ માટે પ્રશંસનીય વ્યવસ્થા કરવામાં આવી હતી. તેથી હજારો વૈષ્ણવજનોએ ખુબ શાંતીથી અને સારી રીતે ભોજન પ્રસાદ આરોગ્યો હતો. આ પ્રાગટય મહોત્સવને લઈને સમસ્ત વૈષ્ણવ સમાજમા ભારે ઉતસાહ ઉંમગ અને આંનદ જોવા મળી રહ્યો હતો. આ પ્રાગટય મહોત્સવને સફળ બનાવવા માટે દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટના તમામ સભ્યઓ અને અસંખ્ય વૈષ્ણવ સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.




### પરિવારનાં સભ્યો ખરીદીમાં સાથે ન લઈ જતાં

# સાવરકુંડલાનાં મોલડી ગામની યુવતીએ ગળાફાંસો ખાઈ લીધો

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના મોલડી ગામે રહેતી ઉર્વશીબેન પ્રતાપભાઈ ખુમાણ નામની ૨૨ વર્ષિય યુવતીને તેમના પરિવારનાં સભ્યો ખરીદી કરવા સાથે ન લઈ જતાં તેણીને મનમાં લગી આવતા ગત તા. ૨૫ નાં રોજ સાંજે ૫ વાગ્યાથી સાંજના ૬:૪૫ વાગ્યા દરમિયાન પોતાના ઘરે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ખાંભાનાં જામકા ગામનો બનાવ

# માતાને મરવા મજબુર કર્યાની આશંકાથી ૪૦ વર્ષ બાદ એક વ્યકિત ઉપર હુમલો

### ધારીયા વડે હુમલો કરતાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૬

ખાંભાતાલુકાનાજામકાગામે રહેતા ખોડાભાઈ ભોળાભાઈ મકવાણા નામના આરોપીના માતાએ આજથી ચાલીસવર્ષપહેલાપોતાનીમેળેગળાફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ હોય અને તે બનાવમાં તે જ ગામે રહેતા પુનાભાઈ નાનજીભાઈ મકવાણાનો હાથ છે. તેવી ખોટીશંકારાખીઅનેએવાતનુઆરોપીએ મનદુઃખરાખીગતતા.૨૪નાસાંજે૭વાગ્યે પુનાભાઈ પોતાનીવાડીએથીપોતાનાઘરે બળદગાડુ લઈને આવતા હતા ત્યારે બાલાભાઈ મેઘાભાઈ રાઠોડનાઘર પાસે તેઓ પહોંચતા આ કામના આરોપી ખોડાભાઈએ પુનાભાઈને ડાબા હાથના પોંચા ઉપર તથા માથામાં ડાબી બાજુ લમણા ઉપર તથા બન્નેપગના નળા ઉપર ધારીયાથીઘામારીઈજાઓકરીઅનેડાબા પગના નળામા ફ્રેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### લીલીયા રેન્જ દ્વારા સીસીટીવી ફુટેજનાં આધારે તપાસ શરૂ થતાં

# અમરેલીનાં ચકકરગઢનાં પાટીયા નજીક સિંહણને હડફેટે લઈ મોતને ઘાટ ઉતારનાર ટ્રક ચાલક ઝડપાયો

### ટ્રક નં. જી.જે.–૦૩ બી.ટી.–૭૭૯૫ નાં ચાલક રાજુ પરડીયાની અટકાયત



અમરેલી, તા. ૨૬

ગત તા. ૨૪ના રોજ વહેલી સવારે અમરેલી નજીક સાવરકુંડલા રોડ ઉપર આવેલ ચક્કરગઢ ગામના પાટીયા પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે આશરે ૫ વર્ષની ઉંમર ધરાવતી એક સિંહણને હડફેટે લઈ સિંહણના શરીર પર વાહન ચડાવી દઈ વન્ય પ્રાણીના માંસના લોચાઓથી હાઈવે માર્ગ રકતરંજિત થઈ જવા પામેલ હતો. આ બનાવમાં સિંહણનું મોત થતાં સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ બનવાની જાણ થતાં જ લીલીયા રેન્જનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સિંહણના મૃતદેહને તાત્કાલિક ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી અને પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હતું. જેમાં આ સિંહણનું મોત રોડ અકસ્માતમાં થયાનું જાહેર થવા પામેલ છે. આ સિંહણને હડફેટ લઈ અકસ્માત કરી સિંહણનું મોત નિપજાવનાર અજાણ્યા વાહનચાલક ફરાર થઈ જનારા વાહન ચાલકને ઝડપી લેવા વનવિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

આ બનાવમાં લીલીયા રેન્જનો સ્ટાફ ઘટના સ્થળ આજુબાજુના ૧૦ જેટલાં અલગ અલગ સ્થળના સીસીટીવી ફૂટેજ ચકાસી તથા પોલીસ અને નેત્રમ દ્વારા મળેલ સહકારથી અજાણ્યા વાહનની શોધખોળ આદરી હતી. ત્યારે ગઈકાલે મોડી રાત્રીના અમરેલીના કુંકાવાવ રોડ ઉપરથી આ સિંહણને હડફેટે લઈ મોત નિપજાવનાર ટ્રક નંબર જી.જે.–૦૩ બી.ટી.– ૭૭૯૫ સાથે અકસ્માત કરનારા ટ્રક ચાલક રાજુ પરડીયા નામના ઈસમની અટકાયત કરવામાં આવેલ હોવાનું વનવિભાગ દ્વારા જણાવાયું છે.

### વાડી ફાર્મે આવેલ હોય તકરાર થઈ

# સાવરકુંડલાનાં વકીલ ઉઘરાણી કરવા જતાં બે ભાઈઓએ કર્યો હુમલો

### કારને રૂપિયા ૪૫ હજારનું નુકસાન કર્યુ

અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર આવેલ સરદાર પટેલ સોસાયટીમાં રહેતા જયેશભાઈ ગુણવંતભાઈ વઘાસીયા નામના વકીલે તેના સંબંધી દિનેશભાઈ પરબતભાઈ વાઘાણીની વાડી પોતાના હસ્તક આરોપી સાવરકુંડલા તાલુકાના વિજયાનગર ગામે રહેતા રમેશભાઈ મનુભાઈ ડુબાણીયાને ફાર્મે આપેલ હોય. જે વાડીના ફાર્મના પૈસાની ઉઘરાણી કરવા વકીલ વાડીએ જતા આરોપી રમેશભાઈ મનુભાઈ ડુબાણીયા તથા મુકેશભાઈ મનુભાઈ ડુબાણીયાએ ઉશ્કેરાઈ જઈ વકીલને જેમ ફાવેતેમ ગાળો આપી લાકડી વડે માર મારી ઈજા કરી તથા કુહાડી વડે ડાબા હાથની હથેળી પર મારી ફેકચર કરી તથા ડાબા હાથના બાવડા પર તથા જમણા હાથની કોણીએ તથા જમણા પગના નળાના ભાગે તથા વાંસાના ભાગે આડેધડ માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા વકીલના હવાલા વાળી ફોર વ્હીલ ગાડી નં. જી.જે.–૦૫ જેસી–૮૩૮૪માં કુહાડી તથા લાકડીના ઘા મારી ગાડીમાં આશરે રૂપિયા ૪૫,૦૦૦નું નુકશાન કર્યાની વકીલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### ઓમ સ્ટીલ નામની દુકાનમાં કચ્છમાંથી લોખંડ ભરીને આવતા

# બગસરાનાં જેતપુર માર્ગ ઉપર લોખંડ ભરેલ ટ્રક ૩૦ ફુટ ઊંચેથી નદીમાં ખાબકતા મહામુસીબતે બહાર કાઢવામાં આવ્યો

### ટ્રેઈનની મદદથી કલાકોની જહેમત બાદ ટ્રકને બહાર લઈ આવવામાં સફળતા મળી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરા લોખંડ ભરેલ ટ્રક હેન્ડબેગ તૂટી જતા ૩૦ ફૂટ ઊંચેથી નદીમાં ખાબકી મહામહેનતે ક્રેન દ્વારા બહાર નીકળ્યો.

બગસરામાં જેતપુર રોડ પર આવેલ ઓમ સ્ટીલ નામની દુકાનમાં કચ્છમાંથી લોખંડ ભરેલ ટ્રક બગસરા ઓમ સ્ટીલની દુકાનમાં ડિલિવરી કરવામાં આવેલ ત્યાં નજીક જ સાતલડી નદી હોવાથી ટ્રકનો ડ્રાઈવર ટપાલનું કવર લઈને પૂછવા માટે ગાડીને હેન્ડ બ્રેક મારીને ગાડીની નીચે ઉતર્યો ત્યારે ટ્રક અચાનક હેન્ડબ્રેક તોડીને તેને મેળે ચાલતો થઈને સાતળી નદીમાં ખાબકી હતી જેથી મોટી ક્રેન મંગાવીને કલાકોની જન્મત બાદ ટ્રેનની મદદથી ૩૦ ટન ભરેલ લોખંડનો ટ્રક કાઢવામાં સફળતા મળી હતી.

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆતથી

# સાવરકુંડલાનાં મેકડા–ઈંગોરાળા માર્ગ ઉપર રૂપિયા ૧૫ કરોડનાં ખર્ચે પુલ બનાવાશે

### સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકા મેકડાથી ઈંગોરાળા રોડ પર મેજર બ્રીજ, એપ્રોચ સીસી રોડ અને પ્રોટેકશન વોલના નિર્માણ માટે ૧૫ કરોડ સૈદ્ધાંતિક મંજૂરી મળતા આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. આ પ્રોજેકટ મંજૂર થવાથી મેકડા અને ઈંગોરાળા તેમજ આસપાસના જેથી આજુબાજુના તાલુકા ગારિયાધાર, સાવરકુંડલા, લીલીયા તાલુકાની કનેટીવીટી વધશે આ વિકાસ કાર્યથી સ્થાનિક લોકોની કનેકિટવિટીમાં સુધારો થશે અને પરિવહનની સુવિધા વધશે. મેજર બ્રીજ બનવાથી રસ્તો પાર કરવું સરળ બનશે, જયારે એપ્રોચ સી.સી રોડથી રસ્તાની ગુણવત્તા સુધરશે. પ્રોટેકશન વોલ આસપાસના વિસ્તારને સુરક્ષા પ્રદાન કરશે. અને લોકોને અવરજવરમાં સરળતા રહેશે. ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે થતી મુશ્કેલીઓ પણ દૂર થશે. આ બ્રીજ અને રોડ બનવાથી આ વિસ્તારના વિકાસને નવી દિશા મળશે અને આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વધારો થશે. આ કામથી મેકડા–ઈંગોરાળા ગામના સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ પ્રસરી રહ્યો છે. તથા સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ આ મહત્વપૂર્ણ કાર્યને મંજૂરી આપવા બદલ સરકારનો તથા ધારાસભ્યનો આભાર માન્યો હતો.તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)